અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

03 JANUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 183 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

જાપાની સંસદમાં 73 મહિલા સાંસદો માટે એક શૌચાલય: PM તાકાઈચી પણ પરેશાન

4


ધીરજ"એકલી આવે છે, અને ઘણું બધું આપીને જાય છે ક્રોધ પણ એકલો જ આવે છે,અને બધું સાથે લઈને જાય છે

6

કીર્તિ કુલ્હારી પોતાનાથી નાના કો-સ્ટારના પ્રેમમાં પડી, નવા વર્ષે રાજીવ સિદ્ધાર્થ સાથેના રોમેન્ટિક ફોટો શેર કર્યા

7


તમાકુ-પાનમસાલા પર GST 40 ટકા, નેશનલ સિક્યોરિટી-હેલ્થ સેસ લાગશે

## વિદેશ મંત્રી એસ. જયશંકરની પાકિસ્તાનને ચેતવણી

# હું તમને પાણી આપું અને તમે આતંકવાદ ફેલાવો તેવું નહીં ચાલે

### IIT મદ્રાસના કાર્યક્રમમાં વિદેશ મંત્રી જયશંકરે સ્પષ્ટ કર્યું કે, એક તરફ આતંકવાદ અને બીજી તરફ પાણીની વહેંચણીની અપેક્ષા સાથે ન ચાલી શકે

**નવી દિલ્હી, તા.02**

વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનનું નામ લીધા વિના આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, આતંકવાદ ફેલાવતા 'ખરાબ પડોશી' સામે નાગરિકોની સુરક્ષા માટે ભારત કોઈપણ પગલું ભરવા સ્વતંત્ર છે. IIT મદ્રાસના કાર્યક્રમમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, એક તરફ આતંકવાદ અને બીજી તરફ પાણીની વહેંચણીની અપેક્ષા સાથે ન ચાલી શકે.



બીજી તરફ, પહલગામ હુમલા બાદ સ્થગિત થયેલી સિંધુ જળ સંધિ વચ્ચે ભારતે ચિનાબ નદી પર 'દુલહસ્તી સ્ટેજ-II પાવર પ્રોજેક્ટ'ને મંજૂરી આપી દીધી છે. ભારતના આ આકરા વલણ અને પાવર પ્રોજેક્ટના નિર્ણયથી પાકિસ્તાનમાં ફફડાટ ફેલાયો છે. જયશંકરે ભારપૂર્વક કહ્યું કે, આતંકવાદ સામે ભારતની પ્રતિક્રિયા કેવી હશે તેનો નિર્ણય માત્ર નવી દિલ્હી જ લેશે, કોઈ બહારની સલાહ સ્વીકારાશે નહીં.

ભારતીય વિદેશ મંત્રીએ જણાવ્યું કે, 'જ્યારે વાત એવા ખરાબ પડોશીની હોય જે સતત આતંકવાદ ફેલાવ્યા કરે છે, ત્યારે ભારત પાસે પોતાના લોકોની રક્ષા કરવાનો પૂરો અધિકાર છે. અમારી સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે જે કંઈ પણ જરૂરી હશે, તે અમે ચોક્કસ કરીશું. ભારત એ વાત ક્યારેય સ્વીકારી ન શકે કે કોઈ દેશ એક તરફ પાણી વહેંચવાની માંગણી કરે અને બીજી તરફ ભારતમાં આતંકવાદ ફેલાવે.'

જયશંકરે સ્પષ્ટ કર્યું કે, 'આતંકવાદના મુદ્દે ભારતની નીતિ અને કાર્યવાહી સંપૂર્ણપણે તેના પોતાના સાર્વભૌમ નિર્ણયો છે. અમે અમારા અધિકારોનો ઉપયોગ કેવી રીતે કરીશું, તે અમારો નિર્ણય છે. કોઈ અમને એ ન કહી શકે કે અમારે શું કરવું જોઈએ અને શું નહીં. અમે અમારી સુરક્ષા માટે જે યોગ્ય લાગશે તે જ કરીશું.'

વિદેશમંત્રીએ ભારત-પાકિસ્તાન વચ્ચે પાણીની વહેંચણીના કરારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'આવા કરારો સારા પડોશી સંબંધોના પાયા પર ટકેલા હોય છે. ભારતે દાયકાઓ પહેલા પાણી વહેંચવાની વ્યવસ્થા પર સહમતી આપી હતી, પરંતુ એવું માનીને કે બંને દેશો વચ્ચે ઓછામાં ઓછી સદ્ભાવના અને સારા સંબંધો રહેશે. જો દાયકાઓ સુધી આતંકવાદ ચાલુ રહે, તો 'સારા પડોશી' હોવાની વાતનો કોઈ અર્થ રહેતો નથી.'

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'જો કોઈ દેશ એમ કહે કે તમે અમારી સાથે પાણી વહેંચો, પણ અમે તમારી સામે આતંકવાદ ચાલુ રાખીશું, તો આ બંને બાબતો એકસાથે શક્ય નથી. સારા પડોશી બન્યા વગર તેના લાભ મળી શકે નહીં.' જયશંકરેનું આ નિવેદનને સિંધુ જળ સંધિ જેવા કરારોના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે, જેમાં પાકિસ્તાન અવારનવાર ભારત પર દબાણ લાવવાનો પ્રયાસ કરતું રહ્યું છે.

## શાહરૂખની ટીમમાં બાંગ્લાદેશી ખેલાડીને લઈ રાજકીય વિવાદ શરૂ : શિવસેનાએ કહ્યું- મુસ્તફિઝુરને ટીમમાંથી કાઢો

**નવી દિલ્હી, તા.02**

બાંગ્લાદેશમાં હિંદુઓની થઈ રહેલી હત્યાને લઈને દેશભરમાં વિરોધ ચાલુ છે. બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને શાહરૂખ ખાનની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) દ્વારા IPL 2026 માટે 9.2 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો છે. આ મામલે રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે ગૃહમંત્રી અમિત શાહના પુત્ર અને ICC ચીફ જય શાહને સવાલ કર્યો છે. તેમણે કહ્યું- હું પૂછવા માંગુ છું કે બાંગ્લાદેશી ક્રિકેટરને તે પૂલમાં કોણે મૂક્યો, જ્યાં IPL ખેલાડીઓની હરાજી થાય છે.

જય શાહ ICCના ચીફ છે અને દુનિયાભરમાં ક્રિકેટમાં મુખ્ય નિર્ણયો લે છે. ગૃહમંત્રીના પુત્ર જય શાહે જવાબ આપવો જોઈએ. આ સવાલ BCCI અને ICC માટે છે.

શિવસેના (શિંદે જૂથ) નેતા સંજય નિરુપમે શાહરૂખ ખાનને બાંગ્લાદેશી ખેલાડી રહેમાનને ટીમમાંથી હટાવવાની અપીલ કરી. તેમણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં આમાં જ શાહરૂખનું ભલું છે અને દેશના હિતમાં તે વધુ સારું રહેશે.

બાંગ્લાદેશમાં 12 દિવસમાં 3 હિંદુઓની હત્યા કરવામાં આવી છે. ભારતમાં તેનો વિરોધ થઈ રહ્યો



છે. ઘણી જગ્યાએ પ્રદર્શનો થઈ રહ્યા છે. કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોર- શાહરૂખ ખાનને દેશદ્રોહી કહેવું એ ભારતના વિવિધતાવાદ પર હુમલો છે. નફરત રાષ્ટ્રવાદને વ્યાખ્યાયિત કરી શકતી નથી. RSSએ સમાજમાં ઝેર ભેળવવાનું બંધ કરવું જોઈએ. ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિએશનના અધ્યક્ષ મૌલાના સાજિદ રશીદી- શાહરૂખ ખાન પર ટિપ્પણી કરનાર દેવકીનંદન ઠાકુર વિરુદ્ધ સરકારે કાર્યવાહી કરવી જોઈએ. શાહરૂખે એક ખેલાડીને ખરીદ્યો. રમતગમત અને ફિલ્મોમાં કોઈ સરહદ હોતી નથી. શાહરૂખ ખાન અને સલમાન ખાન એવા અભિનેતાઓ છે જે સૌથી વધુ દાન કરે છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શાહબુદ્દીન રઝવી બરેલવી- શાહરૂખની KKR દ્વારા બાંગ્લાદેશી ક્રિકેટરની પસંદગી કોઈ છેતરપિંડી નથી. દેવકીનંદન ઠાકુર અને સંગીત સોમે સમજવું જોઈએ કે ભારતીય મુસ્લિમો પણ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાઓથી ચિંતિત છે અને તેમની સાથે ઊભા છે, તેથી શાહરૂખ ખાન દ્વારા કોઈ બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદવું ખોટું કહી શકાય નહીં.

શિવસેના (ઉદ્ધવ જૂથ) ના નેતા આનંદ દુબે- બાંગ્લાદેશી ખેલાડીઓને ભારતીય જમીન પર IPL રમવાની પરવાનગી ન આપવી જોઈએ. પાકિસ્તાની અને બાંગ્લાદેશી ખેલાડીઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ, કારણ કે તેઓ ભારત અને ખાસ કરીને હિંદુ સમુદાય વિરુદ્ધ અત્યાચાર કરે છે. શાહરૂખ ખાનને બાંગ્લાદેશી ખેલાડીને ટીમમાંથી હટાવવાની માગ કરતા કહ્યું કે જો આટલો વિવાદ હોવા છતાં ખેલાડીને હટાવવામાં નહીં આવે, તો તે સાબિત કરશે કે શાહરૂખ ખાન દેશની ભાવનાઓને સમજતા નથી, જ્યારે તેઓ અહીં જ રહે છે અને કમાણી કરે છે.

અખિલ ભારતીય ઈમામ સંગઠનના મુખ્ય ઈમામ ઉમર અહેમદ ઈલિયાસી- બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારો છતાં આવો નિર્ણય દુઃખદ છે. શાહરૂખ ખાને દેશની માફી માંગતા આ અત્યાચારોની નિંદામાં નિવેદન બહાર પાડવું જોઈએ.

## 'નેપાળ-બાંગ્લાદેશની જેમ શાસકોને રસ્તા પર દોડાવીને મારો...' INLD અધ્યક્ષનું વિવાદિત નિવેદન



**નવી દિલ્હી, તા.02**

હરિયાણાની ઈન્ડિયન નેશનલ લોક દળ (INLD) ના રાષ્ટ્રીય અધ્યક્ષ અજય ચૌટાલાએ એક વિવાદિત નિવેદન આપતાં રાજકારણ ગરમાયું છે. તેમણે મહેન્દ્રગઢમાં આયોજિત યુવા યોદ્ધા સંમેલનમાં વિવાદિત નિવેદન આપતાં કહ્યું હતું કે શાસકોને ગાદી પરથી ખેંચી લાવો અને માર્ગો પર દોડાવી-દોડાવીને મારો. કોંગ્રેસને પણ નિશાને લેતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પણ એમની બી ટીમ તરીકે કામ કરી રહી છે.

અભય ચૌટાલા અહીં જ નહોતા અટક્યા. તેમણે કહ્યું કે ભારતમાં પણ નેપાળ અને બાંગ્લાદેશ જેવા આંદોલનની જરૂર છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશ અને નેપાળમાં યુવાઓએ માર્ગો પર ઉતરીને સત્તાધારી પક્ષો વિરુદ્ધ મોટાપાયે આંદોલન કરીને નેતાઓ પર જીવલેણ હુમલા કર્યા હતા. તેમણે કહ્યું કે આપણે પણ શાસકોને દેશ છોડવા મજબૂર કરી દેવા પડશે. જે રીતે બાંગ્લાદેશ અને નેપાળમાં થયું, શ્રીલંકામાં પણ આવું જ આંદોલન થયું. હવે ભારતમાં આવું કરવું પડશે. આ વીડિયો વાઈરલ થતાં જ ભાજપના પ્રવક્તા શહેજાદ પૂનાવાલાએ કહ્યું કે હરિયાણાના નેતા અભય ચૌટાલાનું આ નિવેદન બંધારણ અને લોકશાહીને અનુરૂપ નથી. દેશના વિપક્ષોએ બંધારણ અને ભારતવિરોધી વિચારો અપનાવી લીધા છે. તેઓ પીએમ મોદીની ટીકા કરવામાં બેફામ બોલવા લાગ્યા છે. તેમના આવા ભાષણોમાં આંબેડકરના બંધારણ વિરુદ્ધ જવાની ઉતાવળ દેખાઈ આવે છે અને તેમને ભારતની લોકશાહીમાં વિશ્વાસ નથી.

## ઇન્દોરમાં જીવલેણ બેક્ટેરિયાથી 15નાં મોત-બે અધિકારીઓને હટાવાયા

### હાઈકોર્ટમાં સરકારે કહ્યું- અત્યાર સુધીમાં માત્ર 4નાં જ મોત, રાહુલ ગાંધીએ કહ્યું - હત્યા માટે ડબલ એન્જિન જવાબદાર

**ઇન્દોર, તા.02**

ઈન્દોરમાં દૂષિત પાણીથી 15 મૃત્યુના કેસમાં નગર નિગમ કમિશનર દિલીપ યાદવ અને એડિશનલ કમિશનર રોહિત સિસોદિયાને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. એડિશનલ કમિશનર સિસોદિયાને ઈન્દોરથી હટાવી દેવામાં આવ્યા છે. જ્યારે, ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર સંજીવ શ્રીવાસ્તવ પાસેથી જળ વિતરણ કાર્ય વિભાગનો પ્રભાર પાછો ખેંચી લેવામાં આવ્યો છે.



આ પહેલાં, મધ્ય પ્રદેશ સરકારે પોતાનો સ્ટેટસ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો, જેમાં દૂષિત પાણીથી માત્ર 4 મૃત્યુ થયા હોવાનું જણાવ્યું છે. સરકારનો રિપોર્ટ ત્યારે આવ્યો છે, જ્યારે મૃતકોના પરિવારજનો અને હોસ્પિટલો દ્વારા 15 મૃત્યુની જાણકારી સામે આવી ચૂકી છે. તમામને ઉલટી-ઝાડા અને પેટમાં દુખાવાની ફરિયાદ બાદ દાખલ કરવામાં આવ્યા હતા. કેટલાકને તાવ પણ હતો. આમાં 5 મહિનાના માસૂમ બાળકથી લઈને વૃદ્ધ સુધીનો સમાવેશ થાય છે. હાઈકોર્ટમાં આગામી સુનાવણી 6 જાન્યુઆરીએ હાઈકોર્ટે જનહિત અરજી પર સુનાવણીની આગામી તારીખ 6 જાન્યુઆરી નક્કી કરી છે. જ્યારે, ઈન્ટર વિનર ગોવિંદ સિંહ બૈસ તરફથી મીડિયામાં રિપોર્ટ પબ્લિશ કરવા પર રોક લગાવવાની માંગ કરવામાં આવી હતી. આ અંગે કોર્ટે કોઈ ટિપ્પણી કરી ન હતી. જણાવી દઈએ કે આ મામલે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC) એ નોંધ લેતા મુખ્ય સચિવ પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. આ માટે બે અઠવાડિયાનું અલ્ટીમેટમ આપ્યું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું- ઈન્દોરમાં પાણી નહીં, ઝેર વહેંચાયું અને પ્રશાસન કુંભકર્ણની નિંદ્રામાં રહ્યું. ઘેર ઘેર શોક છે, ગરીબ લાચાર છે અને ઉપરથી BJP નેતાઓના અહંકારી નિવેદનો. જેમના ઘરોમાં ચૂલો ઠંડો થઈ ગયો છે, તેમને સાંત્વના જોઈતી હતી, સરકારે ઘમંડ પીરસી દીધો. લોકોએ વારંવાર ગંદા, દુર્ગંધયુક્ત પાણીની ફરિયાદ કરી. તેમ છતાં સુનાવણી કેમ ન થઈ? ગટરનું પાણી પીવાના પાણીમાં કેવી રીતે ભળ્યું? સમયસર સપ્લાય બંધ કેમ ન થયો? જવાબદાર અધિકારીઓ અને નેતાઓ પર કાર્યવાહી ક્યારે થશે? આ 'ફોકટના' સવાલો નથી, આ જવાબદારીની માંગ છે.

રાહુલ ગાંધીએ લખ્યું- સ્વચ્છ પાણી કોઈ અહેસાન નથી, જીવનનો અધિકાર છે અને આ અધિકારની હત્યા માટે ભાજપનું ડબલ એન્જિન, તેનું બેદરકાર પ્રશાસન અને સંવેદનહીન નેતૃત્વ સંપૂર્ણપણે જવાબદાર છે. મધ્યપ્રદેશ હવે કુશાસનનું કેન્દ્રબિંદુ બની ગયું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને કહ્યું- જલ જીવન મિશન અને સ્વચ્છ ભારત અભિયાનનો ઢંઢેરો પીટનારા નરેન્દ્ર મોદીજી, હંમેશની જેમ ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી થયેલા મૃત્યુ મામલે મૌન છે. આ એ જ ઈન્દોર શહેર છે, જેણે કેન્દ્ર સરકારના સ્વચ્છ સર્વેક્ષણમાં સતત આઠમી વખત સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ જીત્યો છે. આ શરમજનક વાત છે કે અહીં ભાજપની નિષ્ફળતાને કારણે લોકો સ્વચ્છ પાણી માટે તરસી રહ્યા છે. 11 વર્ષથી દેશ ફક્ત લાંબા ભાષણો, જૂઠ-પ્રપંચ, પોકળ દાવાઓ, ડબલ-એન્જિનના બણગાં સાંભળી રહ્યો છે. જ્યારે મંત્રીજીને સવાલ પૂછવામાં આવે છે ત્યારે તેઓ ગાળાગાળી પર ઉતરી આવે છે. સત્તાના અહંકારમાં ઉલટા પત્રકાર પર હાવી થઈ જાય છે.

ભાજપ સરકારોના કુશાસન પર આખી મશીનરી પડદો નાખવામાં લાગી જાય છે. મોદી સરકાર અને ભાજપે ન દેશને સ્વચ્છ પાણી પૂરું પાડ્યું છે અને ન સ્વચ્છ હવા. સામાન્ય જનતા પરેશાની ભોગવી રહી છે. પોતાના સત્તાવાર X એકાઉન્ટ પર પૂર્વ સીએમ ઉમા ભારતીએ લખ્યું- વર્ષ 2025ના અંતમાં ઈન્દોરમાં ગંદુ પાણી પીવાથી થયેલા મૃત્યુ આપણા રાજ્ય, આપણી સરકાર અને આપણી આખી વ્યવસ્થાને શરમજનક અને કલંકિત કરી.

## કોંગ્રેસ સરકારના સરવેમાં 83 ટકા લોકોને EVM પર ભરોસો, ભાજપે રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન

**નવી દિલ્હી, તા.02**



કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓ અનેક વખત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર આશંકા વ્યક્ત કરી ચૂક્યા છે. જ્યારે રાહુલ ગાંધી અવારનવાર ચૂંટણી પંચ અને ઈવીએમમાં ગડબડ હોવાના આક્ષેપો કરતા રહ્યા છે, ત્યારે કર્ણાટકની કોંગ્રેસ સરકારે લોકસભા ચૂંટણી-2024માં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર આશંકા વ્યક્ત કરીને સરવે હાથ ધર્યો હતો, જેમાં ખુદ કોંગ્રેસને જ મોટો ઝટકો લાગ્યો છે. સરવેમાં 83 ટકાથી વધુ લોકોએ EVM પર વિશ્વાસ મૂક્યો છે. કોંગ્રેસે રિપોર્ટ જાહેર કર્યા બાદ ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. કર્ણાટકની કોંગ્રેસ સરકારે (Karnataka Congress Government) EVM પર આશંકાને લઈને રાજ્યની 102 વિધાનસભા ક્ષેત્રોમાં સરવે હાથ ધર્યો હતો. આ માટે પાર્ટીએ 5100 લોકો પાસેથી ફીડબેક મેળવ્યો હતો. કર્ણાટક સરકારે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી વી.અનબુકુમાર હેઠળ સરવે કરાવ્યો હતો, જેમાં 83.61 ટકા લોકોએ ઈવીએમને વિશ્વાસપાત્ર ગણાવ્યું છે, જ્યારે 69.39 લોકો માને છે કે, EVMના કારણે સાચા પરિણામ સામે આવે છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (Rahul Gandhi) વારંવાર આક્ષેપ કરતા રહ્યા છે કે, ભાજપ અને ચૂંટણી પંચ દ્વારા EVMમાં ગોટાળા કરીને મતની ચોરી કરવામાં આવી રહી છે. રાહુલે ભાજપ પર અનેકવાર વોટ ચોરીના આક્ષેપ કર્યા હતા, ત્યારે હેવ કર્ણાટક કોંગ્રેસે સરવે જાહેર કર્યો છે, જેને લઈને ભાજપે પ્રતિક્રિયા આપી છે. કર્ણાટક વિધાનસભામાં ભાજપના વિપક્ષ નેતા આર.અશોકે સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર લખ્યું છે કે, 'રાહુલ ગાંધી વર્ષોથી દેશભરમાં કહી રહ્યા છે કે, ભારતની લોકશાહી ખતરામાં છે અને ઈવીએમ પર વિશ્વાસ રાખવા જેવો નથી.



# EDએ 10 કરોડથી વધુની છેતરપિંડી કરનાર હિમાંશુની સંપત્તિ કરી જપ્ત

## રોકાણકારોને શેરબજારમાં મોટા નફાની લાલચ આપી ફસાવતો, મહેસાણા સહિત ત્રણ જગ્યાએથી કરતો ઓપરેટ

**અમદાવાદ, તા.02**




શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને રોકાણકારોને કરોડો રૂપિયાની ઠગાઈ કરનાર માસ્ટરમાઈન્ડ હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને તેના સાગરીતોના નેટવર્કને અમદાવાદ EDએ ઝડપી પાડ્યું છે. PMLA હેઠળ ચાલી રહેલી તપાસમાં EDએ હિમાંશુ ભાવસાર એન્ડ કંપની પાસેથી 110 કિલો ચાંદી, 39.7 કિલો ચાંદીના દાગીના, 1.296 કિલો સોનું, 38.8 લાખ રોકડ રકમ, વિદેશી ચલણ અને કરોડો રૂપિયાની સ્થાવર મિલકતોના દસ્તાવેજો જપ્ત કર્યા છે. મહેસાણા, વિસનગર અને વડનગરમાં ઓફિસો ખોલીને રોકાણકારોને ફોન કરી લાલચ આપતા આ માસ્ટરમાઈન્ડે અનેક રાજ્યોમાં 10.87 કરોડની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અમદાવાદ ઝોનલ ઓફિસ દ્વારા શેર માર્કેટમાં રોકાણના નામે કરવામાં આવેલી ઠગાઈના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ અમદાવાદના હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર તથા અન્ય આરોપીઓ સામે તપાસ દરમિયાન શરૂ કરીને EDએ કરોડો રૂપિયાની મિલકત અને નાણાં જપ્ત કર્યા છે.

EDએ હાથ ધરેલી તપાસમાં કુલ 110 કિલોગ્રામ ચાંદી જપ્ત કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત રૂપિયા 2.4 કરોડ થાય છે. આ ઉપરાંત લગભગ 1.296 કિલોગ્રામ સોનું પણ મળી આવ્યું છે, જેની કિંમત રૂપિયા 1.7 કરોડ છે. તેની સાથે આશરે 39.7 કિલોગ્રામ ચાંદીના દાગીના પણ જપ્ત કરાયા છે.

આ તપાસ દરમિયાન ભારતીય ચલણમાં રૂપિયા 38.8 લાખ રોકડ રકમ અને વિદેશી ચલણ પણ મળ્યું છે, જેની કિંમત રૂપિયા 10.6 લાખ થાય છે. આ ઉપરાંત વિવિધ સ્થાવર મિલકતના દસ્તાવેજો પણ ED દ્વારા કબજે લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપીઓએ શેર માર્કેટમાં ઊંચા નફાની લાલચ આપી અનેક રોકાણકારોને છેતર્યા હતા. ED દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને ગુનામાં સંડોવાયેલા અન્ય લોકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહેસાણા જિલ્લાના ખેરાલુ પોલીસ સ્ટેશન દ્વારા ભારતીય દંડ સંહિતા 1860ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલી FIRના આધારે EDએ તપાસ શરૂ કરી હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદીને શેરબજારમાં પૈસા રોકાણ કરવાની લાલચ આપીને મોટો નફો કમાવ્યો અને બાદમાં, ફરિયાદીને તેમના રોકાણો પરત ન કરીને છેતરપિંડી કરી હતી. આરોપીઓએ ફરિયાદીના પૈસા કોઈપણ કંપનીના કોઈપણ શેરમાં રોકાણ કર્યા ન હતા અને તેનો ઉપયોગ વ્યક્તિગત લાભ માટે કર્યો હતો. પાછળથી તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે ભારતના વિવિધ રાજ્યોમાં પોલીસ દ્વારા ઓછામાં ઓછી 6થી વધુ FIR નોંધવામાં આવી હતી જેમાં કુલ 10.87 કરોડ રૂપિયાની છેતરપિંડીની રકમનો સમાવેશ થાય છે. તપાસમાં એવું પણ બહાર આવ્યું હતું કે, માસ્ટરમાઈન્ડ હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને અન્ય આરોપીઓએ શેરબજારમાં રોકાણના નામે સામાન્ય લોકોને આકર્ષિત કરવા અને ભંડોળ મેળવવાના હેતુથી મહેસાણા, વિસનગર અને વડનગરમાં સંખ્યાબંધ ઓફિસો ખોલી હતી. તેમણે ઘણા કર્મચારીઓને રાખ્યા હતા, જેથી તેઓ સંભવિત રોકાણકારોને નિયમિત ફોન કરીને શેરબજારમાં રોકાણના નામે ભંડોળ મેળવવા માટે તેમને વધુ વળતરની લાલચ આપી શકે.

PMLA હેઠળની તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે હિમાંશુ ભરતકુમાર ભાવસારે વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ, દલાલ સ્ટોક્સ એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ અને દેવકી સ્ટોક્સ પ્રાઈવેટ લિમિટેડના ઉપયોગ માટે તેમની વ્યક્તિગત ક્ષમતામાં SEBI દ્વારા જારી કરાયેલા રોકાણ સલાહકાર પ્રમાણપત્રનો ઉપયોગ તેમની બિન-નોંધાયેલ રોકાણ સલાહકાર પ્રવૃત્તિઓ માટે કર્યો હતો.

ત્રણ એન્ટિટી પાસે રોકાણ સલાહકાર તરીકે કામ કરવા માટે SEBI તરફથી નોંધણીનું કોઈ પ્રમાણપત્ર નહોતું. SEBIએ તેના આદેશમાં વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ, દલાલ સ્ટોક્સ એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ અને દેવકી સ્ટોક્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરો હિમાંશુ ભરતકુમાર ભાવસાર પિન્ટુ ભાવસાર અને અન્યને રોકાણ સલાહ આપીને કરવામાં આવેલા ઉલ્લંઘન માટે જવાબદાર ઠેરવ્યા હતા. વધુ તપાસ ચાલુ છે.

# વર્ધમાન પેરેડાઇઝની સાઇટ બંધ, રજાચિઠ્ઠી સ્થગિત: ડેવલપર-એન્જિનિયરને નોટિસ આપી ખુલાસો માંગ્યો

## આંબાવાડીમાં બાંધકામ સમયે ચોથા માળેથી પટકાતા 2 શ્રમિકના મોત થયા હતા, એક ગંભીર

**અમદાવાદ, તા.02**



અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં કલ્યાણ જ્વેલર્સની પાછળના ભાગે આવેલી વર્ધમાન ડેવલોપર્સની નવી બનતી વર્ધમાન પેરેડાઇઝ નામની કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર કામ કરતા મજૂરો નીચે પડ્યા હતા. જેમાં બે મજૂરોના ઘટનાસ્થળે મૃત્યુ થયા હતા. કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર મજૂરોના મૃત્યુની ગંભીર દુર્ઘટનાને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગે વર્ધમાન ડેવલોપર્સની રજા ચિઠ્ઠી સ્થગિત કરી બાંધકામ બંધ કરાવી દીધું છે.

સાથે જ એન્જિનિયર, સ્ટ્રક્ચરલ એન્જિનિયર અને ડેવલોપરને નોટિસ આપી છે. વર્ધમાન ડેવલપર્સે ગંભીર બેદરકારી દાખવતા કાર્યવાહી કરાઈ છે.

શહેરના આંબાવાડી વિસ્તારમાં કલ્યાણ જ્વેલર્સ પાછળ વર્ધમાન ડેવલપર્સની વર્ધમાન પેરેડાઇઝ નામની 3-4 BHKની રહેણાંક બિલ્ડિંગની કન્સ્ટ્રક્શન સાઇટ ચાલી રહી છે. બાંધકામની આ સ્કીમમાં સવારે 10થી 11 વાગ્યાની વચ્ચે મજૂરો પ્લાસ્ટર કરવાનું કામ કરી રહ્યા હતા. ચોથા માળે પાલક ઉપર મજૂરો કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ ઉપરથી ત્રણ જેટલા મજૂરો નીચે પડ્યા હતા. જેમાં બે મજૂરોના ઘટનાસ્થળ પર જ મૃત્યુ થઈ ગયા હતા જ્યારે એક મજૂરને ગંભીર રીતે ઈજા થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. આ મામલે પોલીસને જાણ કરતા એલિસબ્રિજ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. બંને મૃતક રાજસ્થાનના ઉદયપુર અને ડુંગરપુર જિલ્લાના છે. મૃતકના નામ શાંતિલાલ માનત અને દેવીલાલ ભીલ હોવાનું જાણવા મળ્યું છે. બંનેના પરિવારજનોને જાણ કરવામાં આવતા તેઓ પણ અમદાવાદ આવવા રવાના થયા હતા. એલિસબ્રીજ પોલીસે આ મામલે અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે. કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર કામગીરી માટે મજૂરોને સેફ્ટીના સાધનો આપીને તેમની પાસે કામગીરી કરાવવાની હોય છે ત્યારે સાઈટ પર ડેવલોપર દ્વારા આવી કોઈ સેફ્ટી સાથે કામ કરાવાતું નહોતું. નવી બનતી કન્સ્ટ્રક્શન સાઈડ ઉપર બે મજૂરોના મોત મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ કરવામાં આવી હતી. વર્ધમાન ડેવલપર્સની વર્ધમાન પેરેડાઈઝ નામની બાંધકામ સાઈટ પર બાંધકામની પ્રવૃત્તિ દરમિયાન સલામતીના યોગ્ય પગલાં લેવામાં આવ્યા નહોતા. બાંધકામ કરનાર-કરાવનાર દ્વારા ગંભીર બેદરકારી દાખવી હતી જેથી બાંધકામની રજા ચિઠ્ઠી સ્થગિત કરી દેવાઈ હતી. બાંધકામને સંપૂર્ણપણે બંધ કરાવવામાં આવ્યું છે. બાંધકામ સાઈટ પરના એન્જિનિયર, સ્ટ્રક્ચરલ એન્જિનિયર અને ડેવલપર તમામને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

# મહેમદાવાદના અકલાચાથી સરસવણીનો માર્ગ તૂટીને વેરવિખેર છતાં મરામત નહીં

**નડિયાદ, તા.02**



મહેમદાવાદના અકલાચા થી સરસવણી નો માર્ગ ખખડધજ હાલતમાં ફેરવાતા વાહન ચાલકો મૂશ્કેલીમાં મૂકાયા છે.વાહન ચાલકો રસ્તા પરનો ખાડો બચાવવા જતા અકસ્માત સર્જાવાની ભીતિ સર્જાઇ છે.આ અંગે સ્થાનિક નાગરિકોએ જવાબદાર અધિકારીઓને વારંવાર ખરાબ રસ્તો રીપેરીંગ કરાવવા રજૂઆત કરવા છતાં અધિકારીઓ દ્વારા દુર્લક્ષ સેવતા હોવાના આક્ષેપો કર્યા છે.તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે માર્ગની મરામત કરવા માંગ ઉઠી છે.

મહેમદાવાદના અકલાચા થી સરસવણીનો માર્ગ ખખડધજ હાલતમાં ફેરવાતા વાહન ચાલકો મૂશ્કેલીમાં મૂકાયા છે.રસ્તો છેલ્લા ઘણા સમયથી તુટી ગયો હોવાથી રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ સરસવણી ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજનું માદરે વતન છે.આ રોડ પર છેલ્લા ઘણા સમયથી ઢીંચણસમા ખાડાઓ પડી ગયા હોવાથી વાહન ચાલકો ખાડા બચાવવા જતાં ત્યાંથી પસાર થતા લોકોને અકસ્માતની ભીતિ રહે છે, જેના કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે. આ રોડ હલદરવાસ, છીપડી, ખડાલ, રતનપુર,ભરકુંડા સહિત 15 થી વધારે ગ્રામજનોને જોડતો રોડ છે.

આ રોડ પરથી નડિયાદ તેમજ મેહેમદાવાદ સાથે જોડાયેલ હોવાથી નાગરિકોને માથાના દુખાવા જેવી પરિસ્થિતિ સર્જાઇ હોવાથી આસપાસના ગ્રામજનો ત્રાહિમામ પોકારી ગયા છે .બીજી તરફ સ્થાનિક નાગરિકો દ્વારા અસંખ્ય વાર રજૂઆત કરવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા રોડની મરામત કરવામાં આવી નથી. આ રોડ સત્વરે રીપેરીંગ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે ત્યારે સ્થાનિક નાગરિકોના મત્તે જવાબદાર અધિકારીઓને જાણ કરવા છતાં દુર્લક્ષ સેવતા હોવાના આક્ષેપો કર્યા છે.

# 'ક્વોલિટીવાળુ કામ નહીં કરો તો પગારમાંથી પૈસા કાપી લેવાશે': મ્યુ.કમિશનરે અધિકારીઓ સાથે રિવ્યૂ બેઠક કરી ખખડાવ્યા

**અમદાવાદ, તા.02**

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરમાં વધતા જતા ટ્રાફિક પાર્કિંગ અને એર પોલ્યુશનને લઈને અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી, જેમાં ખાસ કરીને ટ્રાફિકમાં બ્રિજ પ્રોજેક્ટ અને ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓની કામગીરી પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, આ વિભાગોના કારણે જ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. ખાસ કરીને બ્રિજ પ્રોજેક્ટના અધિકારીને નરોડા બ્રિજની કામગીરી મુદ્દે ખખડાવ્યા હતા અને શો- કોઝ નોટિસ ફટકારવાની સૂચના આપી હતી. રોડ ઉપર ક્યાંય પણ ખોદકામ કરવામાં આવે તો આખો રોડ બંધ નહીં કરવો પરંતુ, એક લેન બંધ કરી અને બીજી લેન ટ્રાફિક માટે ચાલુ રાખવી તે પ્રકારે સૂચના આપી હતી.

વર્ષ 2026ના પ્રથમ દિવસે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા અધિકારીઓ સાથે રીવ્યુ બેઠક કરવામાં આવી હતી. શહેરમાં પાર્કિંગ, ટ્રાફિક, ગ્રીનરી, એર ક્વોલીટી અને ક્વોલિટી કામ કરવા ઉપર વધુ ભાર મૂક્યો હતો. શહેરમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ છે, જેને લઈને જંકશન ડેવલોપમેન્ટ કરવા માટેની સૂચના આપી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો અને દરરોજ એક જંકશન પર લેફ્ટ ટર્ન ખુલે તેના માટેના પ્રયત્ન કરવા જણાવ્યું હતું. ડિઝાઈન સેલ પાસે લેફ્ટ ટર્ન ફ્રી માટે ડિઝાઈન બનાવવાની સૂચના આપી હતી. ટ્રાફિક પોલીસ પાસેથી જેટલા પણ સૂચન મળ્યા છે, તેના ઉપર કામગીરી કરવા જણાવ્યું હતું.



શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગ મુદ્દે જે પણ બજેટની ફાળવણી કરવાની હોય તે મૂકવા માટે જણાવ્યું હતું અને આ મુદ્દા ઉપર ખાસ ધ્યાન આપવા કહ્યું હતું. બીજી તરફ શહેરમાં ગ્રીનરી વધારવા માટે થઈને પણ કમિશનરે સૂચના આપી હતી ખાસ કરીને 40 લાખ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે પરંતુ, નાગરિકો અને આ વૃક્ષો દેખાતા નથી. જેથી, રોડની વચ્ચે ડિવાઈડર ઉપર અને જ્યાં પણ રોડ ની આજુબાજુ જગ્યા હોય ત્યાં વૃક્ષો લગાવવા માટે જણાવવામાં આવ્યું હતું. શહેરમાં વધતા જતા પ્રદૂષણને લઈને એર ક્વોલીટી ઈન્ડેક્સ ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરે કહ્યું હતું કે, શહેરમાં અનેક બાંધકામ સાઈટો પર ગ્રીન નેટ બાંધવામાં આવતી નથી. બાંધકામ સાઈટો પર ગ્રીન નેટ લગાવાવવામાં એ છે કે કેમ તેના ઉપર તપાસ કરવા માટે કહ્યું હતું અને જો ન લગાવી હોય તો એક લાખ રૂપિયાનો દંડ કરવા માટે કહ્યું હતું. સૂચના આપ્યા બાદ પણ જો ન કરવામાં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન જાતે આવી બાંધકામ સાઈટોને ગ્રીન નેટ લગાવી આપે અને તેનો તમામ ખર્ચો બિલ્ડરો પાસેથી વસૂલવા માટે કહ્યું હતું પરંતુ, પ્રદૂષણ મામલે ક્યાંય પણ બાંધછોડ ન કરવા જણાવ્યું હતું. જો પ્રદૂષણ અત્યારે નહીં રોકો તો તેના માટે તમારા બાળકો ભોગવશે, જેથી એર ક્વોલિટી મામલે સઘન કામગીરી કરવા પણ કમિશનરે કહ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે કોર્પોરેશનના અધિકારીઓની કામગીરી પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, તમે કન્સલ્ટન્ટ ઉપર નિર્ભર રહો છો. કોન્ટ્રાક્ટમાં ટેન્ડરની શરત મુજબ કામ કરાવો કોન્ટ્રાક્ટરને ફાયદો થાય તે મુજબ કામગીરી ન કરો જ્યાં પણ કામગીરી ચાલે છે તેમાં ક્વોલિટી કામગીરી કરાવવા માટેની સૂચના આપી હતી. તમામ કામો ક્વોલિટીવાળા હોવા જોઈએ, જો ટેન્ડરની શરત મુજબ કામગીરી ન થાય તો કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તમામ કામગીરીમાં એક્શન ટેકન રિપોર્ટ મૂકવા માટે પણ કમિશનરે સૂચના આપી હતી. જો રિપોર્ટ નહીં હોય તો ફાઈલમાં સહી નહીં થાય તેમ પણ કહી દીધું હતું. પૂર્વ વિસ્તારમાં કઠવાડા ખાતે બાકી કામગીરી માટે અધિકારીને ખખડાવ્યા હતા. જો યોગ્ય કામગીરી નહીં કરો તો પગારમાંથી પણ પૈસા કાપી લેવાની ચીમકી કમિશનરે આપી હતી.

# ચારુસેટ-ARIP દ્વારા નેશનલ ફિઝીયોથેરાપી કોન્ફરન્સ CHAPCON 2025: 150 ડેલીગેટ્સ, 10 કી-નોટ સેશન, 60 પેપર-પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ થયા...

**આણંદ, તા.02**




ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝીયોથેરાપી (ARIP) દ્વારા નેશનલ ફિઝીયોથેરાપી કોન્ફરન્સ 'CHAPCON 2025'નું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું. 'Advancing Frontiers of Physiotherapy: Innovate, Integrate, and Illuminate' થીમ હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં 150થી વધુ ડેલીગેટ્સે ભાગ લીધો હતો.

CHAPCON 2025નું ઉદ્ઘાટન નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સના ચેરમેન ડો. યજ્ઞા શુક્લાએ કર્યું હતું. તેમણે NCAHP ફ્રેમવર્ક અને ભારતમાં એલાઈડ હેલ્થકેર શિક્ષણ તેમજ પ્રોફેશનલ પ્રેક્ટિસ સાથે તેની સુસંગતતા પર પ્રવચન આપ્યું. ચારુસેટ યુનિવર્સિટીએ નેશનલ લેવલની કોન્ફરન્સના આયોજન માટે સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું, જે તેની શૈક્ષણિક પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ કોન્ફરન્સે ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ, ક્લિનિશિયનો, શિક્ષણવિદો અને સંશોધકોને જ્ઞાનના આદાનપ્રદાન અને પ્રોફેશનલ નેટવર્કિંગ માટે એક વ્યાપક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. ભારતના વિવિધ રાજ્યોના પ્રખ્યાત વક્તાઓએ 10થી વધુ કી-નોટ સેશન, પેનલ ડિસ્કશન અને પ્રદર્શન સત્રો દ્વારા તેમની કુશળતા રજૂ કરી. વૈજ્ઞાનિક ચર્ચાઓ ફિઝીયોથેરાપી પ્રેક્ટિસમાં તાજેતરની પ્રગતિ, રિહેબીલીટેશનમાં ટેકનોલોજીનું એકીકરણ, પુરાવા-આધારિત ક્લિનિકલ નિર્ણય લેવા અને દર્દીની સંભાળ માટેના અભિગમો પર કેન્દ્રિત હતી.

આ સત્રોએ ફિઝીયોથેરાપી શિક્ષણ અને ક્લિનિકલ પ્રેક્ટિસમાં વર્તમાન વલણો અને ભવિષ્યની દિશાઓ વિશે મૂલ્યવાન માહિતી પૂરી પાડી. કોન્ફરન્સમાં 60થી વધુ સાયન્ટીફીક પેપર્સ અને પોસ્ટર પ્રેઝન્ટેશન પણ રજૂ થયા. આનાથી સંશોધન અભિગમને પ્રોત્સાહન મળ્યું અને યુવા વ્યાવસાયિકોને ફિઝીયોથેરાપી સાહિત્યમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કરાયા. ઈન્ટરેક્ટિવ સેશન અને હેન્ડ્સ-ઓન પ્રદર્શનોએ સિદ્ધાંતને ક્લિનિકલ એપ્લિકેશન સાથે જોડીને શીખવાના અનુભવને વધુ મજબૂત બનાવ્યો હતો.

સમાપન સમારોહમાં ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થ કેર કાઉન્સિલના ચેરમેન ડો. નેહલકુમાર શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. તેમણે ડેલીગેટ્સને ફિઝીયોથેરાપી ક્ષેત્રમાં શ્રેષ્ઠતા, નૈતિક પ્રેક્ટિસ અને નવીનતા માટે પ્રયત્નશીલ રહેવા પ્રોત્સાહિત કર્યા. ARIPના પ્રિન્સીપાલ ડો. ધ્રુવ દવેના માર્ગદર્શન હેઠળ આયોજન સમિતિ, ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થી સ્વયંસેવકોના પ્રયાસોથી CHAPCON 2025 સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ કોન્ફરન્સે નવીનતા, પુરાવાના એકીકરણ અને સમાજના લાભ માટે શ્રેષ્ઠ પ્રથાઓ દ્વારા ફિઝીયોથેરાપીને આગળ વધારવાના વિઝનને પ્રદર્શિત કર્યું હતું.

# અમૂલ ડેરીએ સેક્સ-સોર્ટેડ સિમેનના ભાવમાં 50 ટકા ઘટાડો કર્યો: ખેડા, આણંદ, મહીસાગરના પશુપાલકોને હવે ₹25 પ્રતિ ડોઝ મળશે

**આણંદ, તા.02**




ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (અમૂલ ડેરી) એ ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાના પશુપાલકો માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવા ચેરમેન સાભેસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રથમ બોર્ડ બેઠકમાં, દુધાળા પશુઓના જાતિ સુધારણા હેતુસર સેક્સ-સોર્ટેડ સિમેનના ભાવમાં 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. હવે નોંધાયેલ દૂધ ઉત્પાદકોને આ ડોઝ માત્ર 25 પ્રતિ ડોઝના સહાયરૂપે ઉપલબ્ધ થશે. બજારમાં સેક્સ-સોર્ટેડ સિમેનની કિંમત સામાન્ય રીતે 1000 થી 5000 પ્રતિ ડોઝ હોય છે. આ ખાસ પ્રકારના સિમેન ડોઝ દ્વારા 85 ટકાથી વધુ પાડી-વાછરડીનો જન્મ થાય છે, જે પશુપાલકો માટે આર્થિક રીતે વધુ ફાયદાકારક છે. બોર્ડે સર્વસંમતિથી આ ભાવ ઘટાડાને મંજૂરી આપી છે.

ચેરમેન સાભેસિંહ પરમારે જણાવ્યું કે, અમૂલ ફીલ્ડ લેવલે સેક્સ-સોર્ટેડ સિમેનનો ઉપયોગ કરનાર ભારતભરમાં અગ્રણી સંસ્થા છે. તેમણે ઉમેર્યું કે, અમૂલ દૂધ ઉત્પાદકો સાથે નજીકથી કામ કરીને પશુઓની જિનેટિક ગુણવત્તા સુધારી રહ્યું છે અને દૂધ ઉત્પાદન વધારી રહ્યું છે. વર્ષ 2022 થી અત્યાર સુધીમાં, અમૂલે ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લામાં સભાસદોના ઘર આંગણે 10 લાખથી વધુ સેક્સ-સોર્ટેડ સિમેન ડોઝનો ઉપયોગ કર્યો છે, જેના પરિણામે 85 ટકાથી વધુ પાડી-વાછરડીના જન્મમાં વધારો થયો છે અને સ્થાનિક પશુધનમાં ઝડપી જિનેટિક પ્રગતિ નોંધાઈ છે. આ યોજનાના પ્રારંભિક તબક્કામાં, અમૂલ ડેરીએ દૂધ ઉત્પાદકોને 50 પ્રતિ ડોઝે આ સુવિધા પૂરી પાડી હતી. દૂધ ઉત્પાદકોને વધુ સહાય આપવા અને પશુ જાતિની ગુણવત્તા સુધારવા માટે, સંઘે સિમેન સ્ટેશન, ઓડ ખાતે સેક્સ-સોર્ટેડ સિમેન લેબની સ્થાપના કરી છે. આ લેબમાં સારા જિનેટિક ગુણવત્તા ધરાવતા બુલ થકી સેક્સ-સોર્ટેડ સિમેન ડોઝ બનાવવામાં આવે છે, જેના કારણે આધુનિક પ્રજનન ટેક્નોલોજી ખેડૂતો માટે વધુ સસ્તી અને સુલભ બની છે. આ પહેલ અમૂલ ડેરીના કાર્યક્ષેત્રમાં આવેલા ગાય-ભેંસ માટેની દીર્ઘકાલીન જિનેટિક અપગ્રેડેશન યોજનાનો એક ભાગ છે.

# ગેરકાયદે બાંધકામ દૂર કરીને પ્રોપર્ટી કાર્ડ સુધારો, કેરીયાવીના ગ્રામજનોની માંગ....

**નડિયાદ, તા.02**



કેરીયાવી ગામ વિસ્તારમાં એક પટેલ પરિવાર દ્વારા ટેકરાવાળી જમીનમાં મકાન બનાવી જાહેર જગ્યાએ ગેરકાયદેસર દુકાનો ઉભી કરવાના આક્ષેપ સાથે સરદાર ભવન સ્થિત સુપ્રિટેન્ડન્ટને રજૂઆત કરવામાં આવી હતી. કેરીયાવી ગામમાં રહેતાં એક પટેલ પરિવાર દ્વારા ટેકરાવાળી જમીનમાં દબાણ કરી, ત્યાં દુકાનો ઉભી કરી દેવામાં આવતાં આ બાબતે ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. નડિયાદના સરદાર ભવન સ્થિત કચેરીએ મોટી સંખ્યામાં ગ્રામજનોએ પહોંચીને જમીનની આકારણી તેમજ બાંધકામને દૂર કરી, પ્રોપર્ટી કાર્ડમાં સુધારો કરવાની માંગ સાથે આવેદન આપી ઉગ્ર રજૂઆત કરી હતી. આ મામલે ગ્રામજનોએ અગાઉ ગ્રામ પંચાયત તલાટી તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપી રજૂઆત કરી હતી. પરંતુ રજૂઆતનું નિરાકરણ ન આવતાં અંતે નડિયાદ સરદાર ભવન ખાતે સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટને આવેદન આપી રજૂઆત કરી, ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની માંગ કરી હતી.

# અમદાવાદના IT વેપારી સાથે રાજસ્થાનમાં જમીન કૌભાંડ: 6.90 લાખ પડાવ્યા, 9 સામે ફરિયાદ

**અમદાવાદ, તા.02**




અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં IT કંપની ધરાવતા એક વેપારીને રાજસ્થાનમાં જમીન ખરીદવી ભારે પડી છે. જમીનના અસલી વારસદારોની વિગતો છુપાવી અને ખોટા દસ્તાવેજોના આધારે વેપારી સાથે રૂ. 6.90 લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ કેસમાં પોલીસે કુલ 9 શખ્સો વિરુદ્ધ વિશ્વાસઘાત અને કાવતરાનો ગુનો દાખલ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા 44 વર્ષીય બલરામભાઈ ભરતભાઈ પઢીયાર સેટેલાઈટમાં IT કંપની ચલાવે છે. તેઓને તેમના વ્યવસાયિક પ્રોજેક્ટ માટે રાજસ્થાનના પાલી જિલ્લાના દેસુરી તાલુકામાં જમીનની જરૂર હતી. આ દરમિયાન તેમનો સંપર્ક ગણપતસિંહ ભોપાલસિંહ રાજપૂત અને પ્રધ્યુમનસિંહ શક્તાવત સાથે થયો હતો. આ શખ્સોએ મોજે-અણેવા ગામની કુલ 1-84-00 હેક્ટર જમીન વેચવાની દરખાસ્ત મૂકી હતી. આરોપીઓએ વેપારીને ખાતરી આપી હતી કે જમીનના ટાઈટલ સંપૂર્ણ ક્લિયર છે અને કોઈ પણ વિવાદ નથી. વેપારીએ રૂ. 6.90 લાખમાં સોદો નક્કી કરી 1.50 લાખ રોકડા અને બાકીની રકમ RTGS મારફતે ચૂકવી હતી. મે 2024માં જમીનનો દસ્તાવેજ પણ કરી દેવાયો હતો.

સપ્ટેમ્બર 2025માં જ્યારે વેપારીને એક લીગલ નોટિસ મળી, ત્યારે જાણવા મળ્યું કે જમીનના અસલી વારસદાર ઓગડરામ અને તેમના પરિવારનું નામ જાણીજોઈને છુપાવવામાં આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું કે જમીનના મૂળ માલિક સ્વ. કીકારામ નાઈના વારસદારોએ પહેલેથી જ ડેપ્યુટી કલેક્ટર દેસુરી સમક્ષ આ જમીન અંગે દાવો દાખલ કરેલો હતો. આરોપીઓએ આ હકીકત છુપાવી ખોટા સોગંદનામા અને દસ્તાવેજો ઊભા કરી બલરામભાઈને જમીન પધરાવી દીધી હતી. અમદાવાદ શહેર પોલીસ કમિશનરની મંજૂરી બાદ 1 જાન્યુઆરી 2026ના રોજ આ મામલે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગણપતસિંહ રાજપૂત, પ્રધ્યુમનસિંહ શક્તાવત, કરણસિંહ રાજપુરોહિત, વિરમસિંહ રાજપુરોહિત સહિત કુલ 9 લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ન્યૂયોર્કના મેયરે ઉમર ખાલિદના નામે લેટર લખ્યો: મમદાનીએ કહ્યું- હું તારા વિશે વિચારું છું; 8 અમેરિકી સાંસદોએ સમર્થન દર્શાવ્યું

**વૉશિંગ્ટન, તા.02**

ન્યૂયોર્ક શહેરના મેયર જોહરાન મમદાનીએ દિલ્હી રમખાણોના કારણે જેલમાં બંધ વિદ્યાર્થી કાર્યકર્તા ઉમર ખાલિદને હાથથી લખેલો એક લેટર મોકલ્યો છે.

આ લેટર મમદાનીએ 1 જાન્યુઆરી 2026ના રોજ મેયર પદના શપથ લીધા પછી સામે આવ્યો છે. પત્રમાં મમદાનીએ ઉમર માટે એકતા અને સમર્થન વ્યક્ત કર્યું.

મમદાનીએ લખ્યું, ‘ડિયર ઉમર, હું અવારનવાર તારા એ શબ્દો યાદ કરું છું જેમાં તેં કડવાશને પોતાના પર હાવી ન થવા દેવાની વાત કહી હતી. તારા માતા-પિતાને મળીને આનંદ થયો. અમે બધા તારા વિશે વિચારી રહ્યા છીએ.‘



આ નોટ ડિસેમ્બર 2025માં ખાલિદના માતા-પિતાને તેમની અમેરિકી યાત્રા દરમિયાન સોંપવામાં આવી હતી. ખાલિદની સાથી બનજ્યોત્સના લાહિડીએ તેને સોશિયલ મીડિયા પર શેર કરી.

મમદાની પછી હવે 8 અમેરિકી સાંસદો ખાલિદના સમર્થનમાં આવ્યા છે. સાંસદોએ ભારતીય સરકારને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ખાલિદના કેસની સુનાવણી કરવાની માગ કરતા બુધવારે એક લેટર લખ્યો.

હાઉસ રૂલ્સ કમિટીના રેન્કિંગ સભ્ય અને ટોમ લેન્ટોસ માનવાધિકાર આયોગના સહ-અધ્યક્ષ, ડેમોક્રેટ જિમ મેકગવર્ને જણાવ્યું કે આ મહિનાની શરૂઆતમાં તેમણે ઉમર ખાલિદના માતા-પિતા સાથે મુલાકાત કરી હતી.

મેકગવર્ને વધુમાં જણાવ્યું કે ખાલિદને ભારતમાં મુકદમા વિના 5 વર્ષથી વધુ સમયથી જેલમાં રાખવામાં આવ્યો છે. મારા સહયોગીઓ સાથે મળીને હું આગ્રહ કરું છું કે તેમને જામીન આપવામાં આવે અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર અને સમયસર સુનાવણી થાય.‘

ખાલિદના માતા-પિતા તે સમયે અમેરિકા ગયા હતા. હકીકતમાં, તેમની સૌથી નાની દીકરીના લગ્ન થવાના હતા અને ત્યાં રહેતી તેમની મોટી દીકરી લગ્નમાં હાજર રહી શકતી ન હતી, તેથી તેઓ તેમને મળવા ગયા હતા.

ખાલિદના સાથી બનોજ્યોત્સના લાહિરીએ જણાવ્યું કે ઉમરના માતા-પિતાએ અમેરિકામાં મમદાની સાથે ઘણો સમય વિતાવ્યો અને ઉમરની જેલમાં કેદી તરીકેની સ્થિતિ પર ચર્ચા કરી.

આ પત્ર સામે આવતાની સાથે જ મામદાનીનો ઉમર ખાલિદ માટેનો ટેકો પણ ચર્ચામાં આવી ગયો છે.

જોહરાન મમદાની જૂન 2023માં ન્યૂયોર્કમાં એક કાર્યક્રમ દરમિયાન ખાલિદના જેલમાંથી લખેલા પત્રના અંશો વાંચી ચૂક્યા છે. તે સમયે તેમણે જણાવ્યું હતું કે ખાલિદને મુકદમા વિના લાંબા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા છે, જે ન્યાયિક પ્રક્રિયાની અવહેલના છે.

ખાલિદને સપ્ટેમ્બર 2020માં ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ભારતીય દંડ સંહિતા અને UAPA હેઠળ ઘણા આરોપો લગાવવામાં આવ્યા છે.

મમદાનીનો ઉમર ખાલિદની ડાયરી વાંચતો વીડિયો 2023માં થયેલા 'હાઉડી ડેમોક્રેસી' ઈવેન્ટનો છે. મમદાની મંચ પરથી કહે છે, “હું ઉમર ખાલિદ દ્વારા લખાયેલો એક પત્ર વાંચવા જઈ રહ્યો છું. તેઓ JNUના પૂર્વ વિદ્યાર્થી અને કાર્યકર્તા છે, જેમણે ભીડ હિંસા અને નફરત વિરુદ્ધ અભિયાન ચલાવ્યું હતું. તેઓ અત્યાર સુધી 1000 દિવસથી વધુ સમયથી જેલમાં છે. તેમના પર UAPA કાયદા હેઠળ કેસ ચાલી રહ્યો છે, પરંતુ અત્યાર સુધી ટ્રાયલ શરૂ થઈ નથી. તેમની જામીન ઘણી વખત નામંજૂર કરવામાં આવી છે અને તેમના પર એક વખત જીવલેણ હુમલો પણ થઈ ચૂક્યો છે.”

ખાલિદ વિરુદ્ધનો મુખ્ય કેસ ફેબ્રુઆરી 2020માં ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા કોમી રમખાણો સાથે સંબંધિત છે, જેમાં 53 લોકોના મોત થયા હતા અને સેંકડો ઘાયલ થયા હતા.

દિલ્હી પોલીસનો આરોપ છે કે આ રમખાણો એક મોટા ષડયંત્રનો ભાગ હતા. પોલીસના જણાવ્યા અનુસાર, JNUના પૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલિદ અને અન્ય આરોપીઓએ ભડકાઉ ભાષણો આપીને, વોટ્સએપ ગ્રુપ્સ દ્વારા અને ગુપ્ત બેઠકોમાં ચક્કાજામ અને હિંસાનું આયોજન કર્યું, જેનો હેતુ સરકારને અસ્થિર કરવાનો હતો.

ખાલિદની સપ્ટેમ્બર 2020માં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે તિહાર જેલમાં છે. ખાલિદે આ આરોપોનો સતત ઈનકાર કર્યો છે.

ભારતીય મૂળના ડેમોક્રેટ નેતા ઝોહરાન મમદાની ન્યૂયોર્કના મેયર બન્યા છે. મમદાની એ 4 નવેમ્બરે ન્યૂયોર્ક શહેરના મેયરની ચૂંટણી જીતીને ઈતિહાસ રચ્યો હતો.

મમદાની છેલ્લા 100 વર્ષમાં ન્યૂયોર્કના સૌથી યુવા, પ્રથમ ભારતીય વંશજ અને પ્રથમ મુસ્લિમ મેયર છે. મમદાની મોનસૂન વેડિંગ અને સલામ બોમ્બે જેવી ફિલ્મોનું નિર્દેશન કરનાર ભારતીય મૂળની મીરા નાયરના પુત્ર છે.

ચૂંટણીમાં જીત બાદ મમદાનીએ બ્રુકલિન પેરામાઉન્ટ થિયેટરમાં સમર્થકોને સંબોધિત કર્યા હતા. પોતાની વિજય ભાષણમાં તેમણે જવાહરલાલ નેહરુના 15 ઓગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ આપેલા 'ટ્રિસ્ટ વિથ ડેસ્ટિની'નો ઉલ્લેખ કર્યો હતો. આ દરમિયાન તેમની પત્ની રામા દુવાજી, પિતા મહમૂદ મમદાની અને માતા મીરા નાયર પણ હાજર હતા.

# જાપાની સંસદમાં 73 મહિલા સાંસદો માટે એક શૌચાલય: PM તાકાઈચી પણ પરેશાન

## 1936માં બનેલું સંસદ ભવન, ત્યારે મહિલાઓને મતદાનનો અધિકાર નહોતો

**ટોક્યો, તા.02**

જાપાનમાં પીએમ સાને તાકાઈચીએ સંસદમાં મહિલાઓ માટે વધુ શૌચાલય બનાવવાની માંગ કરી છે. તેમની સાથે લગભગ 60 મહિલા સાંસદોએ પણ આ અંગે એક અરજી આપી છે.



અરજીમાં કહેવામાં આવ્યું છે કે સંસદમાં મહિલાઓની સંખ્યા વધી છે, પરંતુ તે મુજબ સુવિધાઓ મળી રહી નથી. હાલમાં સંસદના નીચલા ગૃહમાં 73 મહિલા સાંસદો છે પરંતુ તેમના માટે માત્ર 1 શૌચાલય છે.

વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ યાસુકો કોમિયામાએ કહ્યું કે સંસદ સત્ર દરમિયાન મહિલા સાંસદોને શૌચાલયની બહાર લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે.

જાપાનની સંસદ (ડાયટ)ની ઈમારત 1936માં બની હતી. ત્યારે દેશમાં મહિલાઓને મત આપવાનો પણ અધિકાર મળ્યો ન હતો.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી ડિસેમ્બર 1945માં મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો. એક વર્ષ પછી 1946માં થયેલી ચૂંટણીમાં જાપાનમાં મહિલાઓ સંસદ માટે ચૂંટાઈને આવી.

જાપાનના અખબાર યોમિયુરી શિમ્બુન અનુસાર સંસદના નીચલા ગૃહની ઈમારતમાં પુરુષો માટે 12 શૌચાલય (67 સ્ટૉલ) છે, જ્યારે મહિલાઓ માટે ફક્ત 9 શૌચાલય છે, જેમાં કુલ 22 ક્યુબિકલ છે.

મુખ્ય પ્લેનરી સેશન હૉલ જ્યાં સંસદની કાર્યવાહી થાય છે, ત્યાં મહિલાઓ માટે ફક્ત 1 શૌચાલય છે. સેશન શરૂ થતા પહેલા ઘણી વાર લાઈન એટલી વધી જાય છે કે મહિલા સાંસદોને બિલ્ડિંગના બીજા ભાગમાં બાથરૂમ માટે જવું પડે છે.

જ્યારે, પુરુષ સાંસદો માટે ઘણા શૌચાલય નજીક-નજીક છે. તેમને આવી મુશ્કેલીમાંથી પસાર થવું પડતું નથી.

આ વર્ષે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટમાં જાપાન 148 દેશોમાં 118મા સ્થાને રહ્યું. મહિલાઓની ભાગીદારી વ્યવસાય અને મીડિયામાં ઘણી ઓછી છે.

ચૂંટણીઓ દરમિયાન મહિલા ઉમેદવારોનું કહેવું છે કે તેમને અવારનવાર જાતિવાદી ટિપ્પણીઓનો સામનો કરવો પડે છે, જેમ કે તેમને કહેવામાં આવે છે કે તેમણે રાજકારણની જગ્યાએ ઘરમાં બાળકોની સંભાળ રાખવી જોઈએ.

હાલમાં નીચલા ગૃહના 465 સાંસદોમાંથી 72 મહિલાઓ છે, જે અગાઉની સંસદમાં 45 હતી. ઉપલા ગૃહમાં 248 માંથી 74 સભ્યો મહિલાઓ છે. સરકારનું લક્ષ્ય છે કે સંસદની ઓછામાં ઓછી 30% બેઠકો પર મહિલાઓ હોય.

# કૂતરા ગણવાના આદેશ પર ખોટી માહિતી ફેલાવી, FIR નોંધાઈ: દિલ્હી સરકારે AAP પર આરોપ લગાવ્યો, કહ્યું- તેમનો ઈરાદો શિક્ષકોમાં ભય ફેલાવવાનો હતો

**નવી દિલ્હી, તા.02**

શુક્રવારે દિલ્હી પોલીસે કૂતરા ગણવાના આદેશને લઈને ખોટી માહિતી ફેલાવવા બદલ FIR નોંધી. આ કાર્યવાહી શિક્ષણ નિયામક (ડાયરેક્ટોરેટ ઓફ એજ્યુકેશન)ની ફરિયાદ પર કરવામાં આવી હતી. શિક્ષણ નિયામકે સ્પષ્ટ કર્યું કે તેના પરિપત્રમાં ક્યાંય પણ રખડતા કૂતરાઓની ગણતરીનો ઉલ્લેખ નથી.



દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે જણાવ્યું કે આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આ મુદ્દે જૂઠાણું ફેલાવ્યું. સરકારે ખોટા પ્રચાર સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.

એક પ્રેસ કોન્ફરન્સમાં સૂદે કહ્યું કે કેજરીવાલે પહેલા સોશિયલ મીડિયા પર મેસેજ પોસ્ટ કર્યો હતો. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે દિલ્હીના શિક્ષકો પાસેથી બાળકોને ભણાવવાને બદલે રખડતા કૂતરાઓની ગણતરી કરાવવામાં આવી રહી છે. આ જ પોસ્ટને લઈને ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અજાણ્યા તોફાની તત્વો ખોટી, ભ્રામક અને દ્વેષપૂર્ણ માહિતી ફેલાવી રહ્યા છે કે શાળાના શિક્ષકોને રખડતા કૂતરાઓની ગણતરી કરાવવામાં આવી રહી છે.

ફરિયાદમાં જણાવાયું છે કે જાણી જોઈને ખોટા સમાચાર ફેલાવવાનો ઉદ્દેશ્ય શિક્ષકો અને શાળાના સ્ટાફમાં ભ્રમ અને ગભરાટ ફેલાવવાનો, શિક્ષણ વિભાગની છબી ખરડાવવાનો અને સરકારી સંસ્થાઓમાં જનતાના વિશ્વાસ અને જાહેર વ્યવસ્થાને ખોરવવાનો છે.

ફરિયાદમાં જણાવાયું છે કે સોશિયલ મીડિયા પર કેટલાક લોકો પોતાને શિક્ષક ગણાવીને રખડતા કૂતરાઓની ગણતરી કરતા બતાવી રહ્યા છે. તેમની તાત્કાલિક તપાસ થવી જોઈએ અને યોગ્ય કાયદેસરની અને ફોજદારી કાર્યવાહી થવી જોઈએ.

આ પહેલાં સૂદે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન AAPના ચૂંટણી ચિહ્નવાળું એક નાનું કાર્ડ બતાવ્યું, જેના પર વિક્ટિમ કાર્ડ લખેલું હતું. તેમણે કહ્યું કે આ AAPની રાજકીય રણનીતિનો એક ભાગ છે.

તેમણે કહ્યું, આમ આદમી પાર્ટી સોશિયલ મીડિયા પર પોતાની ‘શૂટ એન્ડ સ્કૂટ’ રાજનીતિ ચાલુ રાખવા માટે સ્વતંત્ર છે, પરંતુ અમે અમારી તરફથી દરેક કાયદેસરની કાર્યવાહી કરીશું.

# જિનપિંગે કહ્યું- ચીન-તાઈવાનનું એક થવું નિશ્ચિત: અમેરિકાની ચેતવણી- ચીન કારણ વગર તણાવ વધારી રહ્યું છે, તાકાતથી સ્થિતિ બદલવાની કોશિશ ન કરે

**બીજિંગ/તાઇપે, તા.02**

ચીન અને તાઈવાન વચ્ચે ફરી તણાવ વધી ગયો છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવા વર્ષના ભાષણમાં કહ્યું કે તાઈવાન ચીનનો ભાગ છે અને બંને વચ્ચે લોહીનો સંબંધ છે.



તેમણે કહ્યું કે ચીન અને તાઈવાનનું એક થવું સમયની માગ છે અને તેને કોઈ રોકી શકતું નથી. તાઈવાનની સરકારે તેને ખૂબ જ ઉશ્કેરણીજનક પગલું ગણાવ્યું અને કહ્યું કે તેનાથી સમગ્ર ક્ષેત્રમાં અશાંતિ ફેલાઈ શકે છે.

ચીન હંમેશા કહેતું આવ્યું છે કે તાઈવાન તેનો ભાગ છે અને જરૂર પડ્યે સેનાના જોરે તેને પોતાની સાથે ભેળવી દેશે. જ્યારે અમેરિકાએ પણ ચીનની આ હરકતની ટીકા કરી છે. અમેરિકી વિદેશ વિભાગે ચેતવણી આપતા કહ્યું કે ચીનની વાતો અકારણ તણાવ વધારી રહી છે.

અમેરિકાની લાંબા સમયથી ચાલી આવતી નીતિને પુનરાવર્તિત કરતા, વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગૉટે કહ્યું કે અમેરિકા તાઈવાન જળસંધિ (તાઈવાન અને ચીન વચ્ચેનો દરિયાઈ વિસ્તાર) માં હાલની શાંતિ ભંગ કરવાના કોઈપણ પગલાનો વિરોધ કરે છે.

બીજી તરફ ટ્રમ્પે ચીન પ્રત્યે નરમ વલણ અપનાવ્યું છે. તેમણે કહ્યું કે તેઓ ચીનના સૈન્ય અભ્યાસોથી પરેશાન નથી. ચીન છેલ્લા 20 વર્ષથી આવા અભ્યાસ કરતું રહ્યું છે. ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે તેમના સારા સંબંધો છે અને તેમને લાગે છે કે ચીન તાઈવાન પર હુમલો નહીં કરે.

ચીને તાઈવાનની આસપાસ પોતાનો સૌથી મોટો અને સૌથી નજીકનો સૈન્ય અભ્યાસ કર્યો છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) અનુસાર, આ અભ્યાસમાં નૌકાદળ, વાયુસેના અને રોકેટ ફોર્સને એકસાથે તૈનાત કરવામાં આવ્યા હતા. તેનું નામ ‘જસ્ટિસ મિશન 2025‘ રાખવામાં આવ્યું હતું.

આ અભ્યાસ 29 અને 30 ડિસેમ્બર 2025 ના રોજ બે દિવસ સુધી ચાલ્યો અને 31 ડિસેમ્બરે સમાપ્ત થયો. તેમાં ચીનની સેનાએ ડઝનબંધ રોકેટ છોડ્યા, સેંકડો લડાકુ વિમાનો, નૌકાદળના જહાજો અને તટરક્ષક દળોને તૈનાત કર્યા.

અભ્યાસમાં તાઈવાનના મુખ્ય ટાપુને સંપૂર્ણપણે ઘેરવા અને તેના મુખ્ય બંદરોની નાકાબંધીનો અભ્યાસ કરવામાં આવ્યો, સાથે જ દરિયાઈ અને હવાઈ લક્ષ્યો પર ચોક્કસ હુમલાની પ્રેક્ટિસ પણ થઈ. કેટલાક રોકેટ તાઈવાનની ખૂબ નજીક, તેના પ્રાદેશિક જળસીમા પાસે પડ્યા, જે અત્યાર સુધીનો સૌથી નજીકનો અભ્યાસ હતો.

ચીની સેનાએ કહ્યું છે કે આ અભ્યાસ તાઈવાનની 'અલગતાવાદી શક્તિઓ' અને બાહ્ય દેશોના હસ્તક્ષેપ સામે ચેતવણી છે. ધ ગાર્ડિયને ડિફેન્સ એક્સપર્ટ્સને ટાંકીને જણાવ્યું છે કે આ વખતે ચીનનો અભ્યાસ પહેલા કરતા મોટો છે અને તાઈવાનની ખૂબ નજીક કરવામાં આવી રહ્યો છે.

ખાસ કરીને પૂર્વીય તટ પાસે બનાવેલા સૈન્ય ઝોનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ જ દિશામાંથી સંકટના સમયે તાઈવાનને આંતરરાષ્ટ્રીય મદદ મળી શકે છે.

ચીનના આ યુદ્ધાભ્યાસનું કારણ અમેરિકા અને તાઈવાન વચ્ચે થયેલી હથિયારોની ડીલ માનવામાં આવી રહી છે. અમેરિકાએ તાજેતરમાં તાઈવાનને લગભગ 11.1 અબજ ડોલરના હથિયારો વેચવાની જાહેરાત કરી હતી, જે અત્યાર સુધીનું સૌથી મોટું સંરક્ષણ પેકેજ છે.

આમાં આધુનિક મિસાઈલ સિસ્ટમ, રોકેટ લોન્ચર અને અન્ય સૈન્ય ઉપકરણો શામેલ છે. આ ડીલથી ચીન ભડકી ગયું. તે તાઈવાનને મળતા કોઈપણ વિદેશી સૈન્ય સમર્થનને સીધો પોતાની સાર્વભૌમત્વ વિરુદ્ધનું પગલું માને છે.

આના કારણે તેણે 26 ડિસેમ્બરે અમેરિકાની 20 ડિફેન્સ કંપનીઓ અને 10 વરિષ્ઠ અધિકારીઓ પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી હતી.

બીજી તરફ જાપાનના વડાપ્રધાન સાને તાકાઈચીએ પણ 7 નવેમ્બરે કહ્યું હતું કે જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો જાપાન મદદ માટે પોતાની સેના મોકલશે. ચીન આનાથી ખૂબ નારાજ થયું હતું અને તેને પોતાની સાર્વભૌમત્વ પર હુમલો ગણાવ્યો હતો.

# ઈરાનમાં મોંઘવારી સામે હજારો GenZ રસ્તા પર ઊતર્યા: 7 લોકોનાં મોત, સરકારી ઈમારતમાં તોડફોડ કરી

**તેહરાન, તા.02**

ઈરાનમાં મોંઘવારી અને સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેની વિરુદ્ધ વિરોધ પ્રદર્શન સતત છઠ્ઠા દિવસે પણ ચાલુ રહ્યા, જે ઈરાનના પવિત્ર શહેર સુધી ફેલાઈ ગયા.

કોમ શિયા ધર્મગુરુઓનો મુખ્ય ગઢ છે. ઈરાન ઈન્ટરનેશનલના અહેવાલ મુજબ, ભારે સુરક્ષા હોવા છતાં, વિરોધીઓએ રાજાશાહીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા.

આ દરમિયાન, પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણો થઈ, જેના પરિણામે 1લી જાન્યુઆરીએ પાંચ લોકોનાં મોત થયાં. અગાઉ, 31 ડિસેમ્બરે, વિરોધ પ્રદર્શન દરમિયાન ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું.

વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં 6 નાગરિકો અને 1 સુરક્ષા દળના સભ્યના મોત થયા છે, જ્યારે અંદાજે 13 પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે. ઈરાનમાં વિરોધ પ્રદર્શન 28 ડિસેમ્બરથી શરૂ થયા હતા. શરૂઆતમાં તે રાજધાની તેહરાનના વેપારીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ હવે હજારો GenZ આ પ્રદર્શનમાં જોડાયા છે.

દેશભરમાં GenZ આક્રોશમાં છે. એનું કારણ કથળતી આર્થિક સ્થિતિ રહ્યું છે. ડિસેમ્બર 2025માં ઈરાની મુદ્રા રિયાલ ઘટીને લગભગ 1.45 મિલિયન પ્રતિ અમેરિકન ડોલર સુધી પહોંચી ગઈ, જે અત્યારસુધીનો સૌથી નીચો સ્તર છે.



વર્ષની શરૂઆતથી રિયાલની કિંમત લગભગ અડધી થઈ ગઈ છે. અહીં મોંઘવારી ચરમસીમાએ પહોંચી ગઈ છે. ખાદ્ય પદાર્થોની કિંમતોમાં 72% અને દવાઓની કિંમતોમાં 50% સુધીનો વધારો નોંધાયો છે.

આ ઉપરાંત સરકાર દ્વારા 2026ના બજેટમાં 62% ટેક્સ વધારવાના પ્રસ્તાવથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી ફેલાઈ ગઈ છે.

તેહરાનમાં યુનિવર્સિટી અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં શરૂ થયેલાં આ પ્રદર્શનો હવે ઘણાં શહેરોમાં ફેલાઈ ચૂક્યાં છે. ઘણી જગ્યાએ બજારો બંધ રહ્યાં અને વેપારીઓ રસ્તાઓ પર ઊતરી આવ્યા છે.

પ્રદર્શનકારીઓ કટ્ટરપંથી મૌલાનાઓના શાસનના અંત અને રાજશાહી પાછી લાવવાની માગ કરી રહ્યા છે. આ નારાઓમાં સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેની પર નિશાન સાધવામાં આવી રહ્યું હતું.

કેટલાક વીડિયોમાં લોકો નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીના સમર્થનમાં નારા લગાવતા અને તેમને સત્તા સોંપવાની માગ કરતા જોવા મળ્યા.

રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાને પરિસ્થિતિ સંભાળવા મોરચો સંભાળ્યો છે. તેમણે આ પ્રદર્શનો માટે વિદેશી હસ્તક્ષેપને જવાબદાર ઠેરવ્યો અને દેશવાસીઓને એકજૂટ રહેવાની અપીલ કરી છે.

તેમણે કહ્યું હતું કે વિદેશી તાકાતો દેશમાં ભાગલા પાડીને પોતાનો ફાયદો ઉઠાવવા માગે છે.

ઈરાનમાં 1979ની ઈસ્લામિક ક્રાંતિ પછી આયાતુલ્લાહ રૂહોલ્લાહ ખામેની સત્તામાં આવ્યા. તેઓ 1979થી 1989 સુધી 10 વર્ષ સુપ્રીમ લીડર રહ્યા.

તેમના પછી સુપ્રીમ લીડર બનેલા આયાતુલ્લાહ અલી ખામેની 1989થી અત્યારસુધી 37 વર્ષથી સત્તામાં છે.

ઈરાન આજે આર્થિક સંકટ, ભારે મોંઘવારી, આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો, બેરોજગારી, ચલણના ઘટાડા અને સતત જન આંદોલનો જેવા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે.

47 વર્ષ પછી હવે વર્તમાન આર્થિક કટોકટી અને કડક ધાર્મિક શાસનથી નારાજ લોકો હવે પરિવર્તન ઈચ્છે છે.

આ જ કારણોસર 65 વર્ષીય ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીને સત્તા સોંપવાની માગ થઈ રહી છે. પ્રદર્શનકારીઓ તેમને એક બિનસાંપ્રદાયિક અને લોકતાંત્રિક વિકલ્પ માને છે.

યુવાનો અને GenZને લાગે છે કે પહેલવીની વાપસીથી ઈરાનને આર્થિક સ્થિરતા, વૈશ્વિક સ્વીકૃતિ અને વ્યક્તિગત આઝાદી મળી શકે છે.

આ પ્રદર્શનો 2022 પછીનાં સૌથી મોટાં માનવામાં આવે છે. એ સમયે 22 વર્ષની મહસા અમીનીના પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પછી આખા દેશમાં આંદોલન ફાટી નીકળ્યું હતું. તેમને હિઝાબ યોગ્ય રીતે ન પહેરવાના આરોપમાં મોરાલિટી પોલીસે પકડ્યા હતા.

આ પહેલાં સોમવારે તેહરાનના કેટલાક વિસ્તારોમાં પરિસ્થિતિ કાબૂ બહાર થતાં પોલીસે ટિયરગેસના શેલ છોડીને પ્રદર્શનકારીઓને હટાવ્યા હતા. પ્રદર્શનકારીઓએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

વર્ષ 2024માં ઈરાનની કુલ નિકાસ આશરે 22.18 બિલિયન ડોલર હતી, જેમાં ઓઈલ અને પેટ્રોકેમિકલ્સનો મોટો હિસ્સો હતો, જ્યારે આયાત 34.65 બિલિયન ડોલર રહી, જેના કારણે વેપાર ખાધ 12.47 બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ.

2025માં ઓઈલની નિકાસમાં ઘટાડો અને પ્રતિબંધોને કારણે આ ખાધ વધુ વધીને 15 બિલિયન ડોલર સુધી પહોંચી છે. મુખ્ય વેપારી ભાગીદારોમાં ચીન (35% નિકાસ), તુર્કી, યુએઈ અને ઈરાકનો સમાવેશ થાય છે. ઈરાન ચીનને 90% ઓઈલની નિકાસ કરે છે.

ઈરાને પાડોશી દેશો અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન સાથે વેપાર વધારવાનો પ્રયાસ કર્યો છે, જેમ કે INSTC કોરિડોર અને ચીન સાથેના નવા ટ્રાન્ઝિટ રૂટ્સ. તેમ છતાં 2025માં જીડીપી વૃદ્ધિ માત્ર 0.3% રહેવાનો અંદાજ છે. પ્રતિબંધો હટાવ્યા વિના અથવા પરમાણુ કરારની પુનઃસ્થાપના વિના વેપાર અને રિયાલનું મૂલ્ય સ્થિર કરવું મુશ્કેલ રહેશે.

તંત્રી લેખ

## ગુલ પનાગને બોલિવૂડે ઘર તોડનારી કહીને વગોવી નાખી

એક્ટ્રેસ થાર પણ ચલાવતી હોય ને વિમાન પણ ચલાવે આવું કોમ્બિનેશન બોલિવૂડમાં હોય ખરા? વાંચીને નવાઈ લાગે, પણ બોલિવૂડ એક્ટ્રેસ ગુલ પનાગ ટ્રેઈન્ડ પાઈલટ છે. રોયલ એનફિલ્ડ પણ ચલાવે છે. બોલિવૂડ એક્ટ્રેસ ગુલ પનાગનો 3 જાન્યુઆરીએ 47મો જન્મદિવસ છે. ફિલ્મી ફેમિલીમાં આજે આપણે વાત કરીશું પનાગ પરિવારની....પનાગ પરિવારની બબ્બે પેઢી આર્મીમાં સેવા આપી ચૂકી છે. પનાગ પરિવારના મોભી 20-20 વર્ષ સુધી ગામના સરપંચ રહ્યા. ગુલ પનાગે ત્રણથી વધુ પ્રોફેશનમાં હાથ અજમાવ્યો. ફિલ્મના શૂટિંગ દરમિયાન ડિરેક્ટર કટ કહ્યા બાદ પણ ગુલ પનાગ હીરોને કિસ કરતી જ રહી... પનાગ પરિવારના મોભી શમશેર સિંહનો જન્મ પંજાબના સામાન્ય જાટ શીખ પરિવારમાં થયો હતો. 1937માં તેઓ પટિયાલા સ્ટેટ ફોર્સમાં JCO (જુનિયર કમિશન્ડ કેડેટ)માં જોડાયા. એ સમયે પટિયાલાના મહારાજા માત્ર પૈસાદાર અથવા તો જમીનદારના સંતાનોને જ સીધા ઑફિસર કેડેટમાં પસંદ કરતા હતા. શમશેર સિંહ વધુ ભણેલા, હોશિયાર, હાર્ડ વર્કિંગ, સ્ટેટ એથ્લેટ તથા સ્પોર્ટ્સ પર્સન હોવાથી તરત જ ઉપરી અધિકારીએ તેમની કુશળતા જોઈને તેમની નોંધ લીધી. શમશેર સિંહમાં લીડરશિપના ગુણો હોવાથી તેમને ઑફિસરની તાલીમ માટે ઈન્ડિયન મિલિટરી એકેડેમીમાં મોકલવામાં આવ્યા. ટ્રેનિંગ બાદ ઑફિસરની પદવી મળી અને બીજા વિશ્વયુદ્ધમાં તેઓ બ્રિટિશ આર્મીમાં એડન ને મેસોપોટેમિયામાં લડવા ગયા હતા.

ભારત આઝાદ થતાં તેઓ ભારતીય સૈન્યમાં સામેલ થયા. 1948માં પાકિસ્તાની સૈન્ય સામે લડીને ભારતના ઝોજિલા પાસ પર ફરી ઝંડો લહેરાવ્યો. 1954માં શીખ રેજિમેન્ટમાં જોડાયા અને 1966માં કર્નલ તરીકે રિટાયર્ડ થયા. આર્મીમાંથી રિટાયરમેન્ટ લીધા બાદ તેઓ સોશિયલ એક્ટિવિટી માટે ખાસ્સા પોપ્યુલર હતા. તેમણે જરૂરિયામંદ લોકોના ઉદ્ધાર માટે સતત કામ કર્યું. 20 વર્ષ સુધી મહાડિયન ગામના સરપંચ તરીકે રહ્યા. ગામમાં સ્વચ્છતા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા અંગે પુષ્કળ કામ કર્યું. 70ના દાયકામાં તેમણે ગામની તમામ ગલીઓને કોન્ક્રીટથી પાક્કી કરી હતી. આ ઉપરાંત એજ્યુકેશન, એક્સ સર્વિસમેન ઈસ્યુ, જેન્ડર ઈક્વાલિટી તથા ચાઈલ્ડ રાઈટ્સ પર આગળ પડતું કામ કર્યું. ફતેહગઢ સાહિબામાં અલગ-અલગ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. બાબા જોરાવર સિંહ ફતેહ સિંહ હાઈસ્કૂલ તથા એન્જિનિયરિંગ કોલેજ તેમના પ્રયાસોને કારણે શરૂ થઈ. શમશેર સિંહને બે દીકરા તથા એક દીકરી. દીકરા હરચરનજીત સિંહનો જન્મ ચાર ડિસેમ્બર, 1948માં પંજાબના ફતેહગઢ સાહિબા જિલ્લાના નાનકડા ગામ મહાડિયનમાં થયો. દીકરી ગુરદીપક કૌર 2014માં આપ પાર્ટીમાં જોડાયા હતા. બીજો દીકરો મેજર જનરલ ચરનજીત સિંહ પનાગ છે.

## ઝાલોદ પોલીસે સૂકો ગાંજો લઈ જતા બે ઈસમોને ઝડપી પાડ્યા





**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 02**

31 ડિસેમ્બરને ધ્યાનમાં લઈ ઝાલોદ પોલીસ દ્વારા ધાવડીયા ચેકપોસ્ટ ખાતે બુટલેગરો, અસામાજિક તત્વો તથા ગેરકાયદેસર માદક પદાર્થોની હેરાફેરી અટકાવવા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમ્યાન ઝાલોદ ડિવિઝનના ડી.વાય.એસ.પી શ્રી ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ પી.આઈ. રવિ ગામીત, પી.એસ.આઈ. સી.કે. સિસોદિયા તથા પોલીસ સ્ટાફ સતર્કતાપૂર્વક ફરજ બજાવી રહ્યા હતા. 31 ડિસેમ્બરની રાત્રિ દરમિયાન રાજસ્થાનના બાંસવાડા તરફથી આવતી વેગેનાર કાર (નં. DL-2-C-AN-0557)ને રોકવાનો પ્રયાસ કરાતા કારચાલકે વાહન ન અટકાવી ઝાલોદ તરફ પૂરઝડપે નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ દ્વારા પીછો કરી જુની આર. ટી.ઓ. પાસે વાહન અટકાવી તપાસ કરતા કારચાલક રવુફભાઈ મજીદભાઈ ફકીરા (રહે. શેખ મસ્જિદ પાછળ, ઝાલોદ) તથા સાથે રહેલ મુકેશભાઈ મગનલાલ કલાલ (રહે. તેજપુર, જી. બાંસવાડા)ને ઝડપી પાડવામાં આવ્યા. વાહન તપાસ દરમિયાન ડ્રાઈવર સીટની નીચે પ્લાસ્ટિકની થેલીમાંથી અંદાજે 500 ગ્રામ સૂકો ગાંજો મળી આવ્યો, જેની કિંમત રૂ.12,800 આંકવામાં આવી છે. ઉપરાંત બે મોબાઈલ ફોન (કિંમત રૂ.5,500) તેમજ વેગેનાર કાર (કિંમત રૂ.1,00,000) મળી કુલ રૂ.1,18,300નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે ઝાલોદ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે. વર્ષના અંતે પોલીસની આ કાર્યવાહીથી નગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વની સફળતા મળી હોવાનું જણાયું છે.

# સુંદરકાંડમાં પંચ દર્શનનો મહિમા છે, અને હરપલ એવું દર્શન કરવું બહુ આવશ્યક છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




પ્રથમ દિવસની માનસ સુંદરકાંડની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, ટોરંટોની આ ભૂમિમાં 16 વર્ષ બાદ કથા થઈ રહી છે, એનો મને ખૂબ જ આનંદ છે, યુવા પેઢી કથા સાંભળી રહી છે, એ વિશેષ આનંદની વાત છે. અહીં હનુમાન ચાલીસા અને સુંદરકાંડનાં પાઠ ઘણી જગ્યાએ થઈ રહ્યા છે, તો માનસ સુંદરકાંડનાં વિષય પર આપણે આ કથામાં વાત કરીશું. રામચરિત માનસમાં સુંદરકાંડ એ પંચમ સોપાન છે.

સમગ્ર રામકથાનું કેન્દ્રીય બિંદુ માનસ સુંદરકાંડ રહેશે, અને સુંદરકાંડના પાંચ દર્શન છે. હું દરેક વખતે કહું છું કે રામ કથા એ કેવળ કોઈ ધાર્મિક વ્યાખ્યાન નથી, રામકથા મારી દ્રષ્ટિએ પ્રયોગશાળા છે. જેમની પાસે આંખ છે, એ જોઈ શકે, પરંતુ જેમની પાસે આંખ હોવા છતાં પણ એટલે કે દ્રષ્ટિ હોવા છતાં પણ દ્રષ્ટિકોણ નથી, એ ઘણી બધી બાબતો ચૂકી જાય છે, અને એમને રામકથા દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે, કથા સ્વયં સદગુરુ બનીને આપણને દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે. (૧) હનુમાનજીનું લંકા દર્શન, એમણે લંકાને કઈ દ્રષ્ટિએ જોઈ! (૨) હનુમાનજી ની આંખે અશોકવાટિકાનું દર્શન, મા સીતાનું દર્શન.(૩) હનુમાનજી ની આંખે દસાનનનું દર્શન જો દ્રષ્ટિ કોણ હોય તો, રાવણ પણ દર્શનનો વિષય બની શકે. રાવણ પણ આપણી દ્રષ્ટિને રોકે છે, મજબૂર કરે છે, બાધ્ય કરે છે કે, મારા વિશે પણ વિચારો. (૪) વિભીષણનું રામ દર્શન, જ્યારે વિભીષણ રામના શરણમાં આવ્યા અને એને રામનું જે દર્શન કર્યું, એ મારી સમજ મુજબ ચોથું દર્શન છે. (૫) સમુદ્રની જડ દ્રષ્ટીએ ભગવાન રામનું દર્શન.

આને વ્યાસપીઠ પંચ દર્શન કહે છે, રામચરિત માનસના સાતે સોપાનમાં દર્શનની ચર્ચા કરું છું. એ શાસ્ત્રીય દર્શનમાં જે ષડ દર્શન છે, એની ચર્ચા નથી કરી રહ્યો ,એ બહુ જ કઠિન જટિલ છે, એમાં મારી ઓકાત પણ નથી, અને હું તમને પણ એવી ઉલજનમાં ન નાખું. વ્યાસપીઠ તમને નિમંત્રણ આપે છે કે, આવો ભલે ફેમિલી સાથે, પરંતુ સાંભળો એકલાં, મારું બોલવાનું શરૂ થઈ જાય, અને તમારું સાંભળવાનું શરૂ થઈ જાય ત્યારે એકલા થઈ જાઓ, રામકથા જે કામ કરી શકે છે એ બીજું કોઈ કરી શકતું નથી, આ કોઈ ધાર્મિક સંમેલન નથી, અને આપણા જીવનમાં જે પળેપળે કામ આવી શકે, એવું વાસ્તવિક દર્શન આપણી માટે બહુ જરૂરી છે, અને આ પંચ દર્શન એમાં મદદરૂપ થશે.

બહુ સમજીને મારા હનુમાનજી રાવણની સામે બોલ્યા.

સુનુ રાવન બ્રહ્માંડ નિકાયા,
પાઈ જાસુ બલ બિરચિત માયા.

બહુ મોટું દર્શન રાવણ પાસેથી મળે છે, રાવણની લંકાને ગાળો ન દેવી જોઈએ, આપણી અજ્ઞાનતાને પ્રદર્શિત ન કરીએ. કૃષ્ણમૂર્તિનું એક વાક્ય મને બહુ જ સુંદર લાગે છે, ન કોઈ પાપ છે, ન પુણ્ય છે! પાપ નથી છે તો કેવળ અજ્ઞાન છે, અને પુણ્ય છે તો અહીં કેવળ જ્ઞાન છે! બિલકુલ શંકરાચાર્યની જેમ.

ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં,
ન મન્ત્રો ન તીર્થં ન વેદો ન યજ્ઞાઃ

જીવનમાં હરપલ ડગલેને પગલે મહત્વનું છે, આ પંચદર્શન, આમ પણ સુંદરકાંડ પંચમ સોપાન છે, એનું ગાન કરનારા માટે આ પંક્તિઓ બહુ જાણીતી છે. અશોકવાટિકામાં જાનકીની સામે રાવણ આવ્યો, મંદોદરી આદી રાણીઓ લઈને આવ્યો, અને જાનકીને પ્રલોભન આપે છે, કે એકવાર મારી સામે જુએ, તો મંદોદરી આદી બધી રાણીઓ તારી દાસી થઈ જાય. કલ્પના કરો, રાવણ જેવો બુદ્ધિશાળી માણસ, એક મહિલાની એક નજર માટે, આખું સામ્રાજ્ય છોડવા તૈયાર થઈ ગયો. રાવણ પર વિચાર કરવો જોઈએ, રાવણનું દર્શન જરૂરી છે, અને જાનકી પણ જાણે લીલા કરી રહી હોય એવી અદાથી કહે છે.

શ્યામ સરોજ દામ સમ સુંદર,
પ્રભુ ભુજ કરી કર સમ દસકંદર.

શ્યામ કમળની માળા જેવા મારા ઠાકોરના હાથ છે, તારા હાથ મારા કંઠ સુધી ન આવી શકે; રાવણ જો મારા કંઠમાં આવશે તો શ્યામ હાથ વાળા રાઘવના હાથ જ આવશે! અને બીજી ઉપમા પ્રભુ ભુજ કરી કર પરમાત્માનાં હાથ હાથીના હાથ જેવા છે, અને સૂંઢ હાથીના હાથ છે. હાથી પોતાનું બધું કામ સૂંઢથી કરે છે, ભોજન સૂંઢથી કરે છે, કોઈને મારવા કે ધક્કો દેવાનો હોય તો એ પણ સૂંઢથી કરે છે.એ રાવણ તારે વીસ હાથ છે, પરંતુ રામની તુલનાએ તારા હાથની કોઈ કિંમત નથી.

હનુમાનજી જ્યારે અશોકવાટિકામાં વિરહથી તપ્ત જાનકીજીને બચાવવા માટે મુદ્રિકા ફેંકે છે, અને જાનકીજી જ્યારે મુદ્રિકાનું દર્શન કરે છે ત્યારે તુલસી કહે છે.

તબ દેખી મુદ્રિકા મનોહર,
રામનામ અંકિત અતિ સુંદર.

આના બે અર્થ થાય, વધારે ચર્ચા પછી કરીશ. પરંતુ મુદ્રિકા મનોહર છે અને એમાં રામનામ લખ્યું છે એ સુંદર છે. સુવર્ણ મનોહર છે, પરંતુ એમાં રામ આવતા જ એ સુંદર થઈ જાય છે. રામ લખ્યા પછી રામ નામ અંકિત થયા પછી એ વધુ સુંદર બની જાય છે, અને સુંદર પરમાત્માનું એક નામ પણ છે. પરમાત્માનું રૂપ પણ સુંદર છે, સુંદર બહુ મોટો સંદેશો આપે છે, એટલા માટે ટાગોરથી લઈને ભારતીય પરંપરામાં સત્યમ શિવમ સુન્દરમની ચર્ચા છે, તો માનસ સુંદરકાંડ માટે આ બે પંક્તિઓનો આશ્રય લઈ, મારી વ્યાસપીઠ કેનેડાની આ કથા કરી રહી છે.

બાલકાંડ અવતાર દર્શનનો કાંડ છે એમાં અવતારના દર્શનનું પૂરું દર્શન છે, ઘણાં અવતારવાદમાં આસ્થા નથી રાખતાં, પરંતુ આપણા જેવા લોકો માટે અવતાર જોઈએ. કોઈપણ પરમ તત્વ, પરમ સત્ય, પરમપ્રેમ કે પરમ કરુણા ક્યારેક રામના રૂપમાં ઉતરી, ક્યારે કૃષ્ણના રૂપમાં ઉતરી, ક્યારેક બુદ્ધના રૂપમાં, ક્યારેક મહાવીરના રૂપમાં, અને એને આપણે અવતાર કહીએ છીએ. બાલકાંડમાં પરમાત્માના નિર્ગુણનું સગુણ અવતાર દર્શન છે. અયોધ્યા કાંડ એ આઘાત દર્શન છે. આઘાત લાગવો, અચાનક મુશ્કેલી આવવી, એ અયોધ્યાકાંડ. પહેલો આઘાત જે રામને રાજ મળવાનું હતું, એને વનવાસ મળ્યો. એ આઘાત ને સહન ન કરી શકતા દશરથનું મૃત્યુ થયું, એ બીજો આઘાત, ત્રીજો આઘાત ભરતને લાગ્યો. ત્રીજું સોપાન અરણિય કાંડ, એમાં આક્રમણ દર્શન છે. સૌથી પહેલું આક્રમણ જયંત કરે છે, બીજું આક્રમણ શૂર્પણખાનુ, ત્રીજું આક્રમણ ખરદુષણ, જે રામપરાક્રમણ કરવા માટે આવે છે.ચોથું આક્રમણ, રાવણે પોતાની ભુજાઓને ફેલાવીને જાનકીનું અપહરણ કર્યું ,પાંચમું આક્રમણ રાવણ પર જટાયુ એ કરેલું આક્રમણ. ચોથુ સોપાન કિષ્કિંધા કાંડ એમાં આદર્શ રાજનીતિનું દર્શન છે. સામ દામ દંડ ભેદની નીતિ. જ્યારે સુગ્રીવ પરમાત્માનું કામ ચૂકી ગયો, ત્યારે ચાતુર્માસના એ દિવસોમાં પરમાત્માએ દંડનીતિનો પ્રયોગ કર્યો, જે બાણથી મેં વાલીને માર્યો, એ બાણથી આવાં મૂઢને પણ ખત્મ કરી દઉં! એ વિચારમાં દંડનીતિ આવી, અને વાલીના નિર્વાણના પ્રસંગમાં ભેદ નીતિનો પ્રયોગ થયો. સુંદરકાંડ આશ્વાસનનું દર્શન છે. અહીં એકબીજાને આશ્વાસન આપવામાં આવી રહ્યું છે, હનુમાનજી પોતાના મિત્રોને આશ્વાસન આપે છે, કે દુઃખી ન થતા ફળફૂલ ખાજો, હું પાછો આવીશ. વિભીષણ જ્યારે એમ કહે છે કે, હું આસુર કુળમાં જન્મ્યો છું, ત્યારે હનુમાનજી કહે છે કે, હું ક્યાં કુલીન જાતિનો છું? હું પશુ છું, ચંચળ છું, મારા પર જો પરમાત્માની કૃપા થઈ શકે! તો તારા પર કેમ નહીં? આ આસવાસન છે. ત્યારબાદ અશોકવાટિકામાં ત્રિજટા પણ જાનકીને આશ્વસન આપે છે, અને મારા હનુમાનજી પણ જાનકીને આશ્વાસન આપે છે, ધ્યેય ધારણ કરો, થોડા દિવસ પછી ભગવાન રામ આવશે. લંકા કાંડમાં મારી દ્રષ્ટિએ આદિભૌતિકતાના વૈભવનું દર્શન છે, અને ઉત્તરકાંડ મારી દ્રષ્ટિએ આધ્યાત્મિક દર્શનનો કાંડ છે. પહેલા દિવસની કથાની પ્રવાહી પરંપરાનું નિર્વહન કરી, વ્યાસપીઠે પહેલા દિવસની કથાને વિરામ આપ્યો.

# ધીરજ"એકલી આવે છે, અને ઘણું બધું આપીને જાય છે ક્રોધ પણ એકલો જ આવે છે,અને બધું સાથે લઇને જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)




જીવનમાં જે ખોવાઈ જાય છે તે ક્યારેય પાછું મેળવી શકાતું નથી, પરંતુ વર્તમાનમાં જે છે તેનો આનંદ માણીને,આપણે ચોક્કસ પણે સુખી જીવન જીવી શકીએ છીએ.હંમેશા તમારા ભૂતકાળમાં થી કંઈક શીખવાનો પ્રયાસ કરો આપણો ભૂતકાળ ગમે તેટલો ખરાબ હોય, તેમાંથી શીખવા માટે હજુ ઘણું બધું છે.જે ગયું છે.તેનો શોક કરવાને બદલેજે બાકી છે, તેને સાચવવાનો પ્રયાસ કરો. તમારા દુઃખ માટે બીજાઓને દોષ આપવા અને બદલો લેવાને બદલે તમારી ઉર્જાને ઉમદા કાર્યોમાં વાપરો,જ્યાં સુધી આપણે આપણા ભૂતકાળના દુઃખ અને ભૂતકાળની ખરાબ યાદોથી મુક્ત ન થઈએ,ત્યાં સુધી ઉજ્જવળ ભવિષ્ય પણ આપણને સ્વીકારશે નહીં. તમારા જીવનને વહેલા બદલવાનો પ્રયાસ કરો,કારણ કે જીવન ક્યારેય એવા લોકોનેસમય બદલવાની તક આપતું નથીજેઓ પોતાનું કામ મુલતવી રાખે છે, આવતીકાલ પર આધાર રાખે છે. ભીષ્મ પિતામહ યુદ્ધભૂમિ પર બાણશૈયા પર સૂતેલા હતા. સહેજ પણ હલનચલનથી તેમના શરીરમાં રહેલા બાણ લોહીથી ખરડાઈ જતા હતા. આવી સ્થિતિ માં બધા તેમને મળવા માટે ઉમટી પડતા હતા. ભગવાન કૃષ્ણ પણ તેમને મળવા આવ્યા.તેમનેજોઈને ભીષ્મ જોરથી હસ્યા અને કહ્યું, ‘આવો,જગન્નાથ!તમે સર્વજ્ઞ છો. તમે બધું જાણો છો.મને કહો,મેં એવું કયું પાપ કર્યું હતું કે મને આટલી ભયંકર સજા મળી?‘ કૃષ્ણે પૂછ્યું, દાદા!તમારી પાસે મારા ભૂતકાળના જન્મો જોવાની શક્તિ છે.તમે તે જાતે જોઈશક્યા હોત.‘ભીષ્મે પૂછ્યું,‘દેવકીનાપુત્ર! હું અહીં એકલો પડીને શું કરી રહ્યો છું?મેં બધું જોયું છે.મેં અત્યાર સુધી ૧૦૦જીવનો જોયા છે.તે ૧૦૦ જન્મોમાં,મેં એકપણ કૃત્ય કર્યું નથી જેના પરિણામે મારું આખું શરીર બંધાઈ જાય; દરેક પસાર થતી ક્ષણ વધુ પીડા લાવે છે.‘કૃષ્ણે પૂછ્યું,‘દાદા!ફરી એક જીવન પાછા જાઓ; તમને જવાબ મળશે.‘ભીષ્મે ધ્યાન કર્યું અને જોયું કે ૧૦૧ જન્મ પહેલા, તે એકનગરનો રાજા હતો.તે સૈનિકોની ટુકડી સાથે ક્યાંક રસ્તા પર મુસાફરી કરી રહ્યો હતો.એક સૈનિક દોડતો આવ્યો અને કહ્યું, ‘રાજા!રસ્તા પર એક સાપ પડેલો છે.જો આપણી ટુકડી તેના પરથી પસાર થશે,તો તે મરી જશે.‘ ભીષ્મે કહ્યું, ‘એક કામ કરો. તેને લાકડીમાં લપેટીને ઝાડીઓમાં ફેંકી દો.‘

સૈનિકે એવું જ કર્યું.તેણે સાપને તીરની ટોચ પર ઉપાડ્યો અને ઝાડીઓમાં ફેંકી દીધો. કમનસીબે, ઝાડીઓ કાંટાવાળી હતી.સાપ તેમાં ફસાઈ ગયો. જેટલું તે બહાર નીકળવાનો પ્રયાસ કરતો હતો, તેટલું તે ફસાઈ ગયો.કાંટા તેના શરીરમાં ખુંચી ગયા હતા. લોહી નીકળ્યું,જે ઝાડીઓમાં રહેલા જંતુઓ અને શરીરના કીડીઓ ચૂસવા લાગ્યા.ધીમે ધીમે,તે મરવા લાગ્યો.૫-૬દિવસની યાતના પછી આખરે તે ભાનમાં આવ્યો. ભીષ્મ:હે ત્રણ લોકના નાથ,તમે જાણો છોકે મેં આ જાણી જોઈને કર્યું નથી.પણ મારો ઈરાદો તેસાપ ને મારવાનો હતો.તે રક્ષણ હતું. તો પછી આ પરિણામો શા માટે? કૃષ્ણ:પિતા!આપણે જાણી જોઈ ને કે અજાણતાં ક્રિયા કરીએ તે છતાં ક્રિયા થઈ. વ્યક્તિએપોતાનો જીવ ગુમાવ્યો.કુદરતનો નિયમ છે કે આપણે આપણા કાર્યોના પરિણામો ભોગવવા પડે છે. તમારું પુણ્ય એટલું મજબૂત હતું કે તે પાપના પરિણામો પ્રગટ થવા માટે તેને ૧૦૧ જન્મ લાગ્યા. પરંતુ અંતે,તે બન્યું.જે પ્રાણીને લોકો જાણીજોઈને મારી રહ્યા છે તેના આત્માને આ જન્મમાં કે બીજા જન્મમાં તેણે સહન કરેલું દુઃખ ભોગવવું પડશે. આ બકરા,મરઘી, ભેંસ,ગાય,ઊંટ વગેરે એ જ જીવો છે,જેમણે તેમના પાછલા જન્મમાં આવા જઘન્ય કાર્યો કર્યા હતા. અને તેના કારણે,તેઓ પ્રાણીઓ ની જેમ પીડા ભોગવી રહ્યા છે. તેથી, દરેક દૈનિક કાર્ય સાવધાની સાથે કરો. તમારા કાર્યોના પરિણામો ભોગવવા પડશે.જટાયુએ દેહ ત્યજી દીધો.તે હરિના ધામમાં જાય છે. યોગીઓ પણ જે ગતિ યાચે છે તે ઉત્તમ ગતિ રામજી જટાયુને આપે છે. ભક્તને આથી વધુ જોઈએ શું?ત્યાંથી પ્રભુ શબરીના આશ્રમમાં પધાર્યા. આ જન્મે શબરી ભીલ છે પણ આગલા જન્મમાં રાજાની રાણી હતી.રાણી એટલે ધનથી સેવા કરી શકે છે, પણ તનથી સેવા કરી શકતી નથી. એક વખતે તે પ્રયાગરાજ ગઈ હતી.ત્યાં તેણે અનેક મહાત્માઓનાં દર્શન કર્યાં પછી ત્રિવેણીમાં એવી ઈચ્છાથી પ્રાણત્યાગ કર્યો કે,હવેના જન્મમાં મને સાચા સંતનો સત્સંગ થાય. છીના જન્મમાંએ ભીલકન્યા થઈ. શબરીનું લગ્ન નક્કી થયું.પિતાજી મિજબાની માટે બકરા લાવ્યા. શબરીએ વિચાર્યું કે,મારાં લગ્નમાં આટલી હિંસા થાય તો મારે લગ્ન જ કરવું નથી.મધ્યરાત્રિએ શબરી એ ઘરનો ત્યાગ કર્યો અને પંપા સરોવરના કિનારે માતંગ ઋષિના આશ્રમ પાસે તે રહેવા લાગી. દિવસે તે વૃક્ષ ઉપર બેસી રહે અને રાત્રે તે મહાત્માઓની છુપી રીતે સેવા કરે.કારણ કે સત્કર્મની જાહેરાત કરવાથી પુણ્યનો નાશ થાય છે.

સેવા બતાવવા માટે ન કરો,સેવા ભગવાનને રાજી કરવા માટે કરો. શબરી ઋષિઓ જે રસ્તે સ્નાન કરવા જતાં તે રસ્તામાં બુહારીની સેવા અંધારામાં ઊઠીને કરતી. કોઈ ખબર પડતી નથી. એકવાર માતંગ ઋષિએ શબરીને પૂછ્યું, તું કઈ જાતની છે?શબરીએ સાચે સાચું કહ્યું કે,કિરાતની કન્યા છું. માતંગ ઋષિએ જોયું કે,શબરી જાતિહીન છે, પણ કર્મહીન નથી. ત્યારે માતંગ ઋષિએ શબરીને પોતાના આશ્રમમાં રાખી.લોકો નિંદા કરવા લાગ્યા કે,ભીલ કન્યા ને આશ્રમમાં રાખી છે.માતંગઋષિ એ તેની પરવા ન કરી તેમણે શબરીને રામ મંત્રની દીક્ષા આપી. માતંગ ઋષિ એક સમયે પરલોક માં જવા તૈયાર થયા. શબરીએ પૂછ્યું,પિતાજી,તમે જશો પણ મારું શું થશે? ઋષિએ કહ્યું,મેં તને રામ મંત્રની દીક્ષા આપી છે. બેટા,તારા ઘરે એક દિવસ જરૂર શ્રીરામચંદ્રજી આવશે.ક્યારે આવશે તે મને ખબર નથી. જરૂર આવશે. તારી ભક્તિ એમને તારે ત્યાં ખેંચી લાવશે.માટે તું શાંતિથી ધૈર્યથી એનું સ્મરણ-ચિંતન કર ! જપ,તપ,તીર્થ,દાન વગેરે બધુંકરો પણ સંતના અનુગ્રહ વિના ભક્તિ ફળતી નથી. અનુગ્રહનો આધાર મોટો છે.વૈષ્ણવોઆશામાં જીવે છે કે, એક દિવસ મારા પ્રભુ મને અપનાવશે.ગુરુદેવ ના શબ્દો પર શ્રદ્ધા જોઈએ. શબરીમાં એ શ્રદ્ધા હતી.તેને ખાતરી હતીકે, મારા રામ મારા ઘરે આવશે. રોજ વનમાંથી સારાં સારાં બોર લઈ આવે સંધ્યા કાળે રામજી ન આવે ત્યારે બોર આરોગે અને બીજી સવારે બીજા બોર વીણી લાવે. આમ પ્રભુના આવવાની પ્રતીક્ષા કરતાં કરતાં શબરી હવે વૃદ્ધ થઈ છે.આજે ચિંતનાત્મક લેખમાં આપણે અહીં અટકીએ અસ્તુ. વૈષ્ણવોઆશામાં જીવે છે કે, એક દિવસ મારા પ્રભુ મને અપનાવશે.ગુરુદેવ ના શબ્દો પર શ્રદ્ધા જોઈએ. શબરીમાં એ શ્રદ્ધા હતી.તેને ખાતરી હતીકે, મારા રામ મારા ઘરે આવશે. રોજ વનમાંથી સારાં સારાં બોર લઈ આવે સંધ્યા કાળે રામજી ન આવે ત્યારે બોર આરોગે અને બીજી સવારે બીજા બોર વીણી લાવે. આમ પ્રભુના આવવાની પ્રતીક્ષા કરતાં કરતાં શબરી હવે વૃદ્ધ થઈ છે.આજે ચિંતનાત્મક લેખમાં આપણે અહીં અટકીએ અસ્તુ.

# ગુજરાતની ૧૮૫ નદીઓના બંન્ને કાંઠાની જમીન પર વન વિભાગ દ્વારા 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરાશે : વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

## રાજ્યની તમામ નદીઓના બંન્ને કાંઠાની જમીન પર વન સંરક્ષણ-સંવર્ધનની કામગીરી વન વિભાગને સોંપાઈ

**અમદાવાદ, તા. 02**

વાયુ પ્રદુષણ અને કલાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા વચ્ચે પર્યાવરણ જતનના હેતુથી વૃક્ષ ઉછેર અને સંવર્ધન ખૂબ જરૂરી છે. કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૨૩ના ઈન્ડીયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ મુજબ ગુજરાતમાં વન અને વૃક્ષ કવર રાજ્યના કુલ ક્ષેત્રફળના ૧૧.૦૩ ટકા છે. આ ગ્રીન કવરમાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતની કુલ ૧૮૫ નદીઓના બંને કાંઠાની જમીન પર વન વિભાગ દ્વારા 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરવામાં આવશે. ગ્રીન કવર વધવાથી રાજ્યનો વન વિસ્તાર વધશે જેથી વરસાદમાં વધારો થશે, જળવાયું પરિવર્તન અટકાવી શકાશે સાથે સાથે રાજ્યમાં ઓક્સિજનમાં પ્રમાણ વધશે અને કાર્બન પ્રિન્ટમાં ઘટાડો થશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ નિર્ણય અંગે વિગતો આપતાં જણાવ્યું હતું.

વન મંત્રી શ્રી અર્જુનભાઈએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્યમાં ગ્રીન કવર વધારવા રાજ્યની તમામ ૧૮૫ નદીઓના બન્ને કાંઠાના વન સંરક્ષણ તેમજ સંવર્ધનની કામગીરી વન વિભાગને સોંપવામાં આવી છે. જે અંતર્ગત વૃક્ષ ઉછેર ઉપયોગ માટે અગાઉથી જમીનનું સિમાંકન અને GIS મેપિંગ કરીને કાર્યક્ષેત્ર ચોક્કસ કરીને જરૂરિયાતવાળી જમીનની ઓળખ કરવામાં આવશે. જમીનની સ્થિતિ ખાસ કરીને સરકારી જમીન અને વણવપરાયેલી સરકારી જમીનના રેકોર્ડ્સની ચકાસણી કરી વિકાસલક્ષી પ્રાથમિકતાઓ જળવાઈ રહે તે માટે આ જમીનનો ઉપયોગ માત્ર ગ્રીન કવર-વૃક્ષ ઉછેર માટે જ કરવાનો રહેશે. અન્ય કોઈ હેતુ માટે આવી જમીનનો ઉપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે,આ કાર્યક્ષેત્ર હેઠળની જમીનો ઉપર કોઈ પણ રીતે વાણિજ્યિક પ્રવૃત્તિ-નફાકારક પ્રવૃત્તિ કરવાની રહેશે નહી. આવી સવાલવાળી જમીન ગ્રીન કવર-વૃક્ષ ઉછેરનો વિકાસ કરવા પુરતી જ જમીનના વપરાશની પરવાનગી આપવામાં આવે છે. આવી જમીનનું રક્ષણ, જાળવણી તથા સંરક્ષણ કરવાની જવાબદારી વન અને પર્યાવરણ વિભાગ/ તેના તાબા હસ્તકની કચેરીઓની રહેશે. આ કાર્યક્ષેત્ર હેઠળની જમીન પર જો દબાણ હોય તો તે દુર કરવા અંગેની કાર્યવાહી વન અને પર્યાવરણ વિભાગ/તેના તાબા હસ્તકની કચેરીએ કરવાની રહેશે. આ કાર્યક્ષેત્ર હેઠળની જમીનમાંથી ઈલેક્ટ્રીક લાઈન કે અન્ય પાઈપલાઈન પસાર થતી હોય તો જમીનની સ્થળ સ્થિતિ અનુસાર અન્ય કોઈ સંસ્થા-કચેરીનો અભિપ્રાય મેળવવો યોગ્ય જણાય તો સંબંધિત કચેરીનો અભિપ્રાય મેળવવાનો રહેશે તેમ, તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું હતું કે, સંરક્ષિત વિસ્તારોમાં વન્યપ્રાણી વિભાગો દ્વારા અને વન વિસ્તારોમાં આવતી તમામ નદીઓના Riverine Forest Landscape Management અંગેની કામગીરી ક્ષેત્રીય વન વિભાગો દ્વારા કરવાની રહેશે. આ સંરક્ષિત વિસ્તારો અને વન વિસ્તારો બહાર આવેલી તમામ નદીઓના Riverine Forest Landscape Management અંગેની કામગીરી સામાજિક વનીકરણ વિભાગો દ્વારા નક્કી કરેલ શરતોને આધિન અને જે તે જિલ્લા કલેક્ટરની કચેરી મારફતે જગ્યાની પસંદગી કરી તેઓના હસ્તક મેળવી આગળની તમામ કામગીરી હાથ ધરવામાં આવશે. તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, Riverine Forest Landscape Management થકી નદીઓના બન્ને કાંઠા પર 'વૃક્ષ ઉછેર ઝુંબેશ'માં નર્મદા,તાપી, પૂર્ણા સહિત તળ ગુજરાત વિસ્તારમાં ૧૭ નદીઓ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૭૧ તેમજ કચ્છ વિસ્તારમાં આવેલી સૌથી વધુ ૯૭ નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ થકી નદીઓના બન્ને કાંઠાની જમીન ધોવાણ પણ અટકશે અને સાથે સાથે ભૂગર્ભ જળ સ્તર પણ વધુ ઊંચા આવશે. વન રાજ્ય મંત્રી શ્રી માળીએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે, ગુજરાતમાં ગ્રીન કવર વધારવા વન મહોત્સવ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક વનોનું નિર્માણ, નમો વડ વન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં શરૂ કરાયેલા મિશન લાઈફ અંતર્ગત 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં એક પેડ માં કે નામ અભિયાનમાં વૃક્ષ ઉછેરમાં ઉત્તર પ્રદેશ બાદ ગુજરાત દેશમાં બીજા ક્રમે છે.

આ નવીન અભિયાન બાદ ગુજરાતના ગ્રીન કવરમાં નોંધપાત્ર વધારો થશે તેવો મંત્રીશ્રી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, Riverine Forest Landscape Management થકી નદીઓના બન્ને કાંઠા પર 'વૃક્ષ ઉછેર ઝુંબેશ'માં નર્મદા,તાપી, પૂર્ણા સહિત તળ ગુજરાત વિસ્તારમાં ૧૭ નદીઓ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૭૧ તેમજ કચ્છ વિસ્તારમાં આવેલી સૌથી વધુ ૯૭ નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ થકી નદીઓના બન્ને કાંઠાની જમીન ધોવાણ પણ અટકશે અને સાથે સાથે ભૂગર્ભ જળ સ્તર પણ વધુ ઊંચા આવશે. વન રાજ્ય મંત્રી શ્રી માળીએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે, ગુજરાતમાં ગ્રીન કવર વધારવા વન મહોત્સવ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક વનોનું નિર્માણ, નમો વડ વન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં શરૂ કરાયેલા મિશન લાઈફ અંતર્ગત 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં એક પેડ માં કે નામ અભિયાનમાં વૃક્ષ ઉછેરમાં ઉત્તર પ્રદેશ બાદ ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. આ નવીન અભિયાન બાદ ગુજરાતના ગ્રીન કવરમાં નોંધપાત્ર વધારો થશે તેવો મંત્રીશ્રી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ઝાલોદની મહિલાએ યુવક વિરુદ્ધ અપહરણની પોલીસ ફરિયાદ નોંધાવી

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 02**

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં રહેતી રવિના (નામ બદલેલ) નામની યુવતીએ ઈન્સ્ટાગ્રામ મારફતે ઓળખાયેલા યુવક વિરુદ્ધ લગ્નની લાલચ આપી અપહરણ કરી ગોંધી રાખવાનો ગંભીર આરોપ લગાવી ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, બે વર્ષ અગાઉ ઈન્સ્ટાગ્રામ પર રવિનાની ઓળખાણ વિપુલ નરસીંગ ચારેલ (રહે. લખનપુર, સુખસર) સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે રૂબરૂ મુલાકાતો શરૂ થઈ અને અવારનવાર મળવાનું બન્યું હતું. ફરિયાદ મુજબ, તા. 20-12-2025ના રોજ યુવકે રવિનાને મળવા બોલાવી જબરજસ્તી બાઈક પર બેસાડી લખનપુરની તેની દુકાને લઈ ગયો હતો. ત્યાં ભાગીને લગ્ન કરવાની લાલચ આપી બે દિવસ સુધી દુકાનમાં ગોંધી રાખી હતી. ત્યારબાદ યુવતીને હિંદોલીયા ગામે લઈ જઈ અને વડોદરા લઈ જઈ લગ્ન કરી નોકરી કરવાની વાત કહી સંતરામપુર લઈ ગયો હતો, પરંતુ વાસ્તવમાં વડોદરા લઈ ગયો ન હતો. આ બાદ યુવક રવિનાને સુખસર ખાતે બજારમાં મૂકીને "હવે તું તારા ઘરે જતી રહે" કહી ત્યાંથી જતો રહ્યો હતો. યુવતીએ પોતાના સંબંધીને બોલાવી તેમના સહારે ઘરે પહોંચી સમગ્ર બનાવ પરિવારને જણાવ્યો હતો. પરિવારજનો સાથે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જવાની કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડાક સેવાઓ સાથે સાથે વાઈ-ફાઈ, કેફેટેરિયા, મિની લાઈબ્રેરી તથા યુવા-કેન્દ્રિત આરામદાયક બેઠક જગ્યા જેવી સુવિધાઓ આપશે આઈ.આઈ.એમ. અમદાવાદ પોસ્ટ ઓફિસ

**અમદાવાદ, તા. 02**

ભારતીય ડાક ડિજિટલ વિચારસરણી, આધુનિક સુવિધાઓ અને યુવા ઊર્જા સાથે નવા ભારતની ગતિ સાથે પગલાં મિલાવી આગળ વધી રહ્યું છે. પરંપરાગત ડાક સેવાઓથી આગળ વધી હવે પોસ્ટ ઓફિસો એન-જેન (નેક્સ્ટ જેન) માટે સ્માર્ટ અને આધુનિક સેવા કેન્દ્ર તરીકે વિકસિત થઈ રહી છે. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાના દ્દષ્ટિકોણથી પ્રેરિત આ પહેલ હેઠળ પોસ્ટ ઓફિસોને જીવંત, વિદ્યાર્થી-કેન્દ્રિત અને પ્રૌદ્યોગિકી-સક્ષમ સ્થળો તરીકે પુનઃકલ્પિત કરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં, ગુજરાતનું દ્વિતીય અને અમદાવાદનું પ્રથમ એન-જેન (નેક્સ્ટ જેન) થીમ આધારિત નવિનીકૃત આઈ.આઈ.એમ. પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન તારીખ 2 જાન્યુઆરી, 2026ના રોજ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકર, આઈ.આઈ.એમ. અમદાવાદના નિદેશક પ્રો. ભારત ભાસ્કર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. આ અવસરે મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકરે જણાવ્યું કે આઈ.આઈ.એમ. અમદાવાદ પોસ્ટ ઓફિસને નવી પેઢી (એન-જેન)ની જીવનશૈલી, રસ અને અપેક્ષાઓને અનુરૂપ ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે, જેના પરિણામે તે એક જીવંત હેંગઆઉટ-કમ-સેવા કેન્દ્ર તરીકે વિકસ્યું છે. શાનદાર, આકર્ષક અને યુવા-કેન્દ્રિત દેખાવ અને અનુભૂતિ સાથે તૈયાર કરવામાં આવેલું આ એન-જેન પોસ્ટ ઓફિસ જાહેર સેવા વિતરણ પ્રણાલીમાં એક પરિવર્તનકારી છલાંગ દર્શાવે છે, જે ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાઓ અને ડિજિટલ નેટિવ્સને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આઈ.આઈ.એમ. અમદાવાદના નિદેશક પ્રો. ભારત ભાસ્કરે ડાક વિભાગની એન-જેન પોસ્ટ ઓફિસ પહેલને દુરદર્શી અને સમયોચિત પગલું ગણાવી તેની પ્રશંસા કરી. તેમણે આશા વ્યક્ત કરી કે આ આધુનિક અને ટેકનોલોજી-સક્ષમ પોસ્ટ ઓફિસનો વધુમાં વધુ આઈ.આઈ.એમ ના વિદ્યાર્થીઓ લાભ લેશે તથા ડાક વિભાગની સેવાઓનો સક્રિય રીતે ઉપયોગ કરશે. સાથે જ, આઈ.આઈ. એમ. અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા એન-જેન પોસ્ટ ઓફિસમાં દર્શાવવામાં આવેલી સક્રિય ભાગીદારીની પણ તેમણે પ્રશંસા કરી.

# પ્રભારીમંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ નેનપુર-હલદરવાસ-બારમુવાડા રોડના વિકાસકામનું ખાતમુહૂર્ત કર્યું

## રૂ. 30 કરોડના ખર્ચે નેનપુર-હલદરવાસ-બારમુવાડાને જોડતા રોડનું વાઈડનિંગ કરી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવશે

**ગાંધીનગર, તા. 02**




ખેડા જિલ્લાની માર્ગ પરિવહનની સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે આજ રોજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા, કેબિનેટ મંત્રીશ્રી અને ખેડા જિલ્લા પ્રભારીમંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ નેનપુર ચોકડી, મહેમદાવાદ ખાતે નેનપુર-હલદરવાસ-બારમુવાડાને જોડતા ૨૩.૪૦૦ કિમી લંબાઈના રોડના વિકાસકામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે જન કલ્યાણ અને જન સુખાકારીના કામોને પ્રાથમિકતાના ધોરણે કરવાની સરકારે નેમ લીધી છે. મંત્રીશ્રીએ નેનપુર-હલદરવાસ-બારમુવાડા રોડના વિકાસ કામનું સતત નિરીક્ષણ કરી જરૂરી સૂચનો સમયસર આપવા સ્થાનિકોને અનુરોધ કર્યો હતો. આ સિવાય મંત્રીશ્રીએ સેવાસેતુ કાર્યક્રમનું મહત્વ સમજાવી ઉપસ્થિત સૌને સરકારની યોજનાકીય સેવાઓનો લાભ જરૂરિયાતમંદ લોકોને મળે એવા પ્રયાસો કરવા અપીલ કરી હતી. ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં સંવેદનશીલ પ્રશાસન તંત્ર ઊભું થયું છે. તેમણે મહેમદાવાદ વિધાનસભા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમના ૧૦૦% અમલીકરણ બદલ સ્થાનિક પ્રશાસનની કામગીરીને બિરદાવી હતી. સાંસદશ્રીએ ઉમેર્યું હતું કે વિકાસના કામોની જાળવણી કરવી એ આપણી સૌની સંયુક્ત જવાબદારી છે. માટે આ રોડના વિકાસકામનું નિરીક્ષણ કરવા સાંસદશ્રીએ પણ અપીલ કરી હતી. મહેમદાબાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે નેનપુર-હલદરવાસ-બારમુવાડા રોડની પહોળાઈ થતા ટ્રાફિક અને અકસ્માતની સમસ્યાઓ દૂર થશે. આ વિકાસ કામ બદલ તેમણે સરકારશ્રીનો આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે નેનપુર હલદરવાસ બારમુવાડા રોડ એમ. ડી.આર કક્ષાનો માર્ગ છે. જેની લંબાઈ-૨૩.૪૦૦ કી.મી છે. આ રોડ એક તરફ સ્ટેટ હાઈવે-૦૩( અમદાવાદ-મહેમદાવાદ ) અને બીજી તરફ નેશનલ N.H.A.I ૪૭ (અમદાવાદ-ઈન્દોર હાઈવે) રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતો ખુબજ અગત્યનો મુખ્ય જીલ્લા માર્ગ છે. આ રોડ પર રૂ. ૩૦ કરોડના ખર્ચે વાઈડનીંગ, ડામરકામ, સ્ટ્રકચરની કામગીરી, રોડ ફર્નીસીંગ અને અન્ય જરૂરી કામગીરી કરવામાં આવશે. જેનાથી, ૧૨ ગામના ૭૬ હજાર થી વધુ લોકોને માર્ગ પરિવહનની વધુ અસરકારક સેવાઓનો સીધો લાભ મળશે. આ રોડને ૫.૫ મીટર થી ૧૦.૦૦ મીટર પહોળો કરવામાં આવશે. આ રોડ પહોળો થવાથી નેનપુર, ઘોડાલી, મોદજ, કુણા, ઘોડાસર, નાની અડબોલી પહાડીયા, હલધરવાસ, પથાવત ,વાઘાવત, જરાવત, ગોકુળપુરા, તેમજ આજુબાજુના અનેક ગામોને ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે. આ પ્રસંગે ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ, અગ્રણી શ્રી નયનાબેન પટેલ, પ્રાંત અધિકારી શ્રી સુરજ બારોટ, માર્ગ અને મકાન વિભાગ, કાર્યપાલક ઈજનેર શ્રી કે.એસ બાગુલ, અમૂલ ડેરી મહેમદાવાદ ડિરેક્ટર શ્રી ગૌતમસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ ડાભી, નગરપાલિકા પ્રમુખશ્રી પ્રશાંત પટેલ, એપીએમસી ચેરમેન શ્રી ભગવતભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષશ્રી નિલેશ ચૌહાણ, મામલતદાર શ્રી વિક્રમભાઈ દેસાઈ અન્ય મહાનુભાવો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ રોડ એક તરફ સ્ટેટ હાઈવે-૦૩( અમદાવાદ-મહેમદાવાદ ) અને બીજી તરફ નેશનલ N.H.A.I ૪૭ (અમદાવાદ-ઈન્દોર હાઈવે) રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતો ખુબજ અગત્યનો મુખ્ય જીલ્લા માર્ગ છે. આ રોડ પર રૂ. ૩૦ કરોડના ખર્ચે વાઈડનીંગ, ડામરકામ, સ્ટ્રકચરની કામગીરી, રોડ ફર્નીસીંગ અને અન્ય જરૂરી કામગીરી કરવામાં આવશે. જેનાથી, ૧૨ ગામના ૭૬ હજાર થી વધુ લોકોને માર્ગ પરિવહનની વધુ અસરકારક સેવાઓનો સીધો લાભ મળશે. આ રોડને ૫.૫ મીટર થી ૧૦.૦૦ મીટર પહોળો કરવામાં આવશે. આ રોડ પહોળો થવાથી નેનપુર, ઘોડાલી, મોદજ, કુણા, ઘોડાસર, નાની અડબોલી પહાડીયા, હલધરવાસ, પથાવત ,વાઘાવત, જરાવત, ગોકુળપુરા, તેમજ આજુબાજુના અનેક ગામોને ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે. આ પ્રસંગે ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ, અગ્રણી શ્રી નયનાબેન પટેલ, પ્રાંત અધિકારી શ્રી સુરજ બારોટ, માર્ગ અને મકાન વિભાગ, કાર્યપાલક ઈજનેર શ્રી કે.એસ બાગુલ, અમૂલ ડેરી મહેમદાવાદ ડિરેક્ટર શ્રી ગૌતમસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ ડાભી, નગરપાલિકા પ્રમુખશ્રી પ્રશાંત પટેલ, એપીએમસી ચેરમેન શ્રી ભગવતભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષશ્રી નિલેશ ચૌહાણ, મામલતદાર શ્રી વિક્રમભાઈ દેસાઈ અન્ય મહાનુભાવો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાયલ 112ની સંવેદનશીલ કામગીરી: ચંદવાણાથી ગુમ થયેલી વૃદ્ધા પરિવાર સાથે મળી

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 02**



માત્ર 11 મિનિટમાં પહોંચેલી 112 ટીમે 50 કિ.મી. દૂર પરિવારને સુરક્ષિત સોંપી વૃદ્ધ મહિલાને, દાહોદ જિલ્લાના ચંદવાણા ગામે રાત્રિના સમયે ઠંડીમાં એકલી બેસી રહેલી અસ્થિર મગજની વૃદ્ધ મહિલાને ડાયલ 112 જનરક્ષક સેવાને માનવતાપૂર્વક મદદ પહોંચાડી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. 1 સપ્ટેમ્બરથી શરૂ થયેલી ડાયલ 112 સેવા રાજ્યભરમાં જનસુરક્ષાનું મજબૂત કવચ બની છે. દાહોદ જિલ્લામાં હાલ 25 PCR ટીમો 24 કલાક કાર્યરત છે. રાત્રિ દરમિયાન જાગૃત નાગરિક આશિષભાઈ કલ્મીએ 112 કંટ્રોલ રૂમમાં ફોન કરી ચંદવાણા ગામે એક અજાણી વૃદ્ધ મહિલા એકલી બેસી હોવાની જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ માત્ર 11 મિનિટમાં પાઈલોટ ધવલ અરવિંદભાઈ કામોલ અને પોલીસ કર્મચારી સંગાડા સાવનભાઈ છત્રસિંહભાઈ ઘટનાસ્થળે પહોંચ્યા. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે વૃદ્ધ મહિલા દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના મોટી હાંડી ગામના રહેવાસી છે અને અસ્થિર મગજની હોવાના કારણે છેલ્લા ત્રણ દિવસથી ઘરેથી ગુમ થયેલી હતી. 112 ટીમે તાત્કાલિક પરિવારનો સંપર્ક કરી, લગભગ 50 કિલોમીટર દૂર જઈ વૃદ્ધ મહિલાને સંપૂર્ણ સુરક્ષિત રીતે પરિવારને સોંપી. સાથે જ પરિવારજનોને તેમની યોગ્ય દેખભાળ અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. ત્રણ દિવસથી પરિવારથી વિખુટી પડેલી વૃદ્ધ મહિલાને ગણતરીના સમયમાં પરિવાર સાથે ભેટો કરાવતી ડાયલ 112 ટીમની કામગીરીને લોકોએ ખુલ્લા દિલે બિરદાવી હતી.

# મહેસુલ રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ નવનિર્મિતશ્રી સંતરામ મંદિર ચકલાસી શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૨૬ ના ભવ્ય કાર્યક્રમ અંતર્ગત મુલાકાત લીધી

**નડિયાદ, તા. 02**

નવનિર્મિતશ્રી સંતરામ મંદિર ચકલાસી શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૨૬ ના ભવ્ય કાર્યક્રમ અંતર્ગત મહેસુલ રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ આજરોજ મુલાકાત લીધી હતી મંત્રીશ્રીએ સંતશ્રી રામેશ્વરદાસજી મહારાજના આર્શીવાદ લઈને ચકલાસીના ભક્તવૃંદ અને અગ્રણીઓ સાથે તારીખ ૧ થી ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનારા મહોત્સવમાં સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી પૂરી પાડી હતી. તેમણે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ધાર્મિક સ્થાનો અને પ્રવાસન સ્થળો વિકાસ કરવામાં સરકારના વિવિધ પાસાઓને રજૂ કર્યા હતા. જિલ્લામાં વડતાલ -ડાકોર અને પંચમહાલ જિલ્લાનું શક્તિતીર્થ પાવાગઢ જવાનું સેન્ટર ચકલાસી નગરપાલિકા બને છે ત્યારે ભવિષ્યમાં આ જગ્યાનો રોડ ચાર માર્ગીય કરવા માટે તેઓ સરકારમાં રજૂઆત કરશે જેનાથી પ્રવાસનને વેગ મળશે તેમજ યાત્રાળુઓની સુવિધાઓ વધશે એમ જણાવ્યં હતુ, આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે વડતાલ થી પાવાગઢ અને ડાકોરથી વડતાલ એ માર્ગે જવાની સુવિધાઓ આ ચાર માર્ગીય રોડના કારણે સરળ બનશે. મંત્રીશ્રીએ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા બાદ મંદિરની પ્રજાલક્ષી આરોગ્ય કલ્યાણ સંબંધી સારવાર સુવિધાઓ જેવી કે નેત્ર ચિકિત્સા, સર્જરી, સોનોગ્રાફી વગેરેમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજનાઓનો લાભ આપવાની પણ ખાતરી આપી હતી. આ પ્રસંગે સંતરામ મંદિર ચકલાસીના સમસ્ત ભક્તજનો સાથે ચકલાસી નગરપાલિકા પ્રમુખશ્રી પ્રવીણ સિંહ વાઘેલા, ઉપપ્રમુખશ્રી અમિતભાઈ પટેલ,પુર્વ પ્રમુખશ્રી બળવંતસિંહ વાઘેલા, દંડકશ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા. અગ્રણીશ્રી સુરેશભાઈ વાઘેલા, જશભાઈ જાદવ, મુકુંદભાઈ વાઘેલા, શૈલેષ સિંહ વાઘેલા, ગામ અગ્રણીઓ તેમજ કારોબારી સભ્યશ્રી જશભાઈ ડોક્ટર, ચકલાસી નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી વિશાલભાઈ પટેલ, કાઉન્સીલર શ્રી જીગાભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# 2025માં ભારતીય વુમન્સ ટીમની વનડેમાં 65.22% જીત : હરમનપ્રીતની કેપ્ટનશિપમાં વર્લ્ડ કપ જીત્યો; મંધાનાએ 23 વનડે મેચમાં 1362 રન બનાવ્યા

## વર્ષ 2025 સ્મૃતિ મંધાનાએ 23 વનડે મેચોમાં 1362 રન બનાવ્યા, દીપ્તિ શર્માની ઐતિહાસિક સિદ્ધિ

**મુંબઈ, તા. 02**

વર્ષ 2025 ભારતીય મહિલા ક્રિકેટના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં અંકિત થઈ ગયું. હરમનપ્રીત કૌરની કપ્તાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત ICC મહિલા વર્લ્ડ કપનો ખિતાબ જીતીને દાયકાઓનો ઈંતજાર સમાપ્ત કર્યો. ફાઈનલ મુકાબલામાં ભારતે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને 2005 અને 2017ના ફાઈનલમાં મળેલી નિરાશાનો બદલો લીધો.

વર્ષ 2025માં ભારતનું વનડે પ્રદર્શન પણ શાનદાર રહ્યું. ટીમ ઈન્ડિયાએ કુલ 23 વનડે મેચ રમી, જેમાં 15માં જીત, 7માં હાર અને 1 મેચ અનિર્ણિત રહી. આ દરમિયાન ભારતની જીતની ટકાવારી 65.22 રહી, જે ટીમની સાતત્યતા અને મજબૂતી દર્શાવે છે.ત્રણ સતત હાર પછી ઐતિહાસિક વાપસી

વર્લ્ડ કપની વચ્ચે ભારતીય ટીમ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ. સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે સતત ત્રણ મેચ હાર્યા પછી ભારતને લગભગ ટુર્નામેન્ટમાંથી બહાર માનવામાં આવી રહ્યું હતું. પરંતુ ન્યુઝીલેન્ડ સામે 53 રનની જીતે ટીમનું નસીબ બદલી નાખ્યું.

સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતે 339 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો, જે પુરુષ કે મહિલામાં કોઈપણ વર્લ્ડ કપ નોકઆઉટ મુકાબલામાં અત્યાર સુધીનો સૌથી મોટો રન ચેઝ રહ્યો.



સ્મૃતિ મંધાનાનું રેકોર્ડબ્રેક વર્ષ

વર્ષ 2025 સ્મૃતિ મંધાનાના કરિયરનું સૌથી યાદગાર વર્ષ સાબિત થયું. તેણે 23 વનડે મેચોમાં 1362 રન બનાવ્યા. આ દરમિયાન તેમની સરેરાશ 61.90 અને સ્ટ્રાઈક રેટ 109.92 રહ્યો. મંધાનાએ વર્ષમાં 5 સદી અને 5 અડધી સદી ફટકારી.

ઓસ્ટ્રેલિયા સામે માત્ર 50 બોલમાં સદી ફટકારીને તેણે ભારતીય ક્રિકેટનો સૌથી ઝડપી વનડે સદી ફટકારવાનો રેકોર્ડ પણ બનાવ્યો.

વર્લ્ડ કપમાં તેમણે 9 મેચોમાં 434 રન બનાવ્યા અને ટૂર્નામેન્ટની બીજી સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યાં.

વર્ષ 2025 સ્મૃતિ મંધાનાએ 23 વનડે મેચોમાં 1362 રન બનાવ્યા.

દીપ્તિ શર્માની ઐતિહાસિક સિદ્ધિ

ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને તેના શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી. તેણે વર્લ્ડ કપમાં 215 રન બનાવ્યા અને 22 વિકેટ ઝડપી. દીપ્તિ વર્લ્ડ કપના ઈતિહાસમાં પ્રથમ ખેલાડી બની, જેણે એક જ ટુર્નામેન્ટમાં 200+ રન અને 20+ વિકેટનો ડબલ પૂરો કર્યો.

ફાઈનલ મેચમાં તેણે દબાણમાં 58 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી અને બોલિંગમાં 5/39ના શાનદાર આંકડા નોંધાવ્યા.

શેફાલી વર્માની દમદાર વાપસી

યુવા બેટર શેફાલી વર્માએ પણ ફાઈનલમાં મોટો ફાળો આપ્યો. તેણે 78 બોલમાં 87 રનની શાનદાર ઈનિંગ રમી અને બોલિંગમાં 2 વિકેટ પણ ઝડપી. તેના ઓલરાઉન્ડ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવી. યુવા બેટર શેફાલી વર્માએ પણ ફાઈનલમાં મોટો ફાળો આપ્યો. તેણે 78 બોલમાં 87 રનની શાનદાર ઈનિંગ રમી અને બોલિંગમાં 2 વિકેટ પણ ઝડપી. તેના ઓલરાઉન્ડ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવી.

## ન્યૂઝીલેન્ડ સિરીઝમાં કોણ કોણ રમશે? : કેપ્ટન ગિલનું કમબેક, ફેન્સ RO-KOને ફરી સાથે રમતા જોશે

**મુંબઈ, તા. 02**

ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ માટે ભારતની ટીમ 3 અથવા 4 જાન્યુઆરીએ જાહેર થવાની છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજો એમાં રમતા જોવા મળશે, પરંતુ હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવી શકે છે. ઈજાના કારણે સાઉથ આફ્રિકા સામે વનડે ન રમી શકેલો કેપ્ટન શુભમન ગિલ પણ વાપસી કરવાનો છે. જોકે, ઉપ-કેપ્ટન શ્રેયસ ઐયર હજુ પણ અનફિટ છે અને તેનું ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ રમવી પણ મુશ્કેલ લાગી રહ્યું છે. કેપ્ટન શુભમન ગિલ ગયા વર્ષે નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝ રમી શક્યો ન હતો. તે ટેસ્ટ સિરીઝમાં ઈજાગ્રસ્ત થયો હતો, પરંતુ તેણે ટી-20 સિરીઝમાં વાપસી કરી લીધી હતી. આવી સ્થિતિમાં, તે ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝમાં વાપસી કરવાની સાથે ટીમની કમાન પણ સંભાળતો જોવા મળશે. આ વર્ષે સપ્ટેમ્બરમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર વન-ડે ટીમનો ઉપ કપ્તાન શ્રેયસ ઐય્યર પણ ઈજાગ્રસ્ત થયો હતો. તેને ખભામાં ઈજા થઈ હતી, આ કારણે તે છેલ્લા 3 મહિનાથી ક્રિકેટથી દૂર છે. તે હાલમાં બેંગલુરુ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમીમાં છે. રિપોર્ટ્સ અનુસાર તેને હજુ સુધી ફિટનેસ સર્ટિફિકેટ મળ્યું નથી, તેથી તે ન્યૂઝીલેન્ડ સિરીઝમાંથી પણ બહાર રહેશે.

## ક્રિકેટ, ફૂટબોલ અને હોકી સહિત 5 વર્લ્ડ કપ યોજાશે; કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ પણ રમાશે




**મુંબઈ, તા. 02**

2026 મોડર્ન એરામાં સ્પોર્ટ્સ માટેનું સૌથી મોટું વર્ષ બનવા જઈ રહ્યું છે. 2014 પછી પહેલીવાર એક જ વર્ષમાં ક્રિકેટ, ફૂટબોલ અને હોકી જેવી ગ્લોબલ સ્પોર્ટ્સના વર્લ્ડ કપ યોજાવા જઈ રહ્યા છે.

આ સિવાય કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ જેવા મલ્ટી સ્પોર્ટ-મલ્ટી નેશન મેગા ઈવેન્ટ્સ પણ યોજાશે. એટલું જ નહીં, આ વર્ષે વુમન્સ T20 વર્લ્ડ કપ, મેન્સ U-19 ક્રિકેટ વર્લ્ડ કપ પણ રમાશે. IPL અને WPL તો છે જ. હજુ પણ લિસ્ટ પૂરું થયું નથી. ટેનિસના 4 ગ્રાન્ડ સ્લેમ યોજાશે. 2026માં એ પણ નક્કી થશે કે આપણા વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશને આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે કોણ પડકાર આપશે. આગળ વાંચો આખા વર્ષના મહત્ત્વના સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ ક્યારે અને ક્યાં યોજાશે. વર્ષ 2026ના અંતમાં ક્રિકેટનો વન-ડે એશિયા કપ આયોજિત થઈ શકે છે.

પરંતુ એશિયન ક્રિકેટ કાઉન્સિલે અત્યારસુધી આની સત્તાવાર જાહેરાત કરી નથી. ODI એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ 2026ના અંતમાં યોજાવાની ધારણા છે, જોકે એશિયન ક્રિકેટ કાઉન્સિલે હજુ સુધી તેની જાહેરાત કરી નથી. વર્ષ 2026ના અંતમાં ક્રિકેટનો વન-ડે એશિયા કપ આયોજિત થઈ શકે છે, પરંતુ એશિયન ક્રિકેટ કાઉન્સિલે અત્યારસુધી આની સત્તાવાર જાહેરાત કરી નથી. ODI એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ 2026ના અંતમાં યોજાવાની ધારણા છે, જોકે એશિયન ક્રિકેટ કાઉન્સિલે હજુ સુધી તેની જાહેરાત કરી નથી.

## લગ્નની અટકળો વચ્ચે વિજય-રશ્મિકાનો રોમમાં રોમાન્સ

**મુંબઈ તા. 02**

સાઉથ સુપરસ્ટાર વિજય દેવરકોંડા અને નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાનો પ્રેમ હવે કોઈનાથી છુપાયેલો નથી. બંને ટૂંક સમયમાં લગ્ન કરવાના હોવાના અહેવાલો છે. દરમિયાન વિજય તેની મંગેતર સાથે રોમમાં રોમાન્સ કરતો જોવા મળ્યો છે. બંને સ્ટાર્સે સોશિયલ મીડિયા પર અલગ અલગ ફોટો શેર કર્યા છે. જોકે, વિજયે શેર કરેલા ફોટોમાં છૂપાયેલી રશ્મિકાને ચાહકોએ સ્પોટ કરી લીધી છે. હાલમાં આ ફોટો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહ્યા છે. વાસ્તવમાં વિજય દેવરકોંડાએ ઈન્સ્ટાગ્રામ પર ચાહકોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી છે. આ સાથે જ તેણે કેટલાક ફોટો શેર કર્યા છે. ફોટોમાં તે રોમના વિવિધ ઐતિહાસિક સ્થળોએ તથા રોમની ગલીઓમાં ફરતો જોવા મળી રહ્યો છે. તેની સાથે ફોટોમાં તેના મિત્રો પણ દેખાઈ રહ્યા છે. જોકે, વિજયે પોસ્ટ કરેલા ફોટોમાંથી બે ફોટોએ યુઝર્સનું ધ્યાન ખેંચ્યું છે. એક ફોટોમાં વિજયની બાજુમાં કોઈ વ્યક્તિ ગોગલ્સ પહેરેલી ઉભેલી જોવા મળે છે. જ્યારે બીજા ફોટોમાં વિજય તેના મિત્રો સાથે ઉભો છે, પરંતુ તેની પાછળથી રશ્મિકા હગ કરીને ઉભેલી જોવા મળી રહી છે. ફોટો એવા એંગલથી લેવામાં આવ્યો છે કે, પહેલી નજરે રશ્મિકા પર ધ્યાન જતું નથી. પરંતુ બંનેના ચાહકોએ સાઉથ સ્ટારની ચાલાકી પકડી પાડી છે.



■ ક્યુટ કપલે વેકેશનના અલગ અલગ ફોટો શેર કર્યાં, ચાહકોએ સાઉથ સ્ટારની ચાલાકી પકડી પાડી

## પિતા ધર્મેન્દ્રની યાદો સાથે ઈશાએ નવું વર્ષ ઉજવ્યું



**મુંબઈ, તા. 02**

વર્ષ 2026ની શરૂઆતમાં બોલિવૂડ એક્ટ્રેસ ઈશા દેઓલે તેના દિવંગત પિતા, દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રને યાદ કરતા એક ભાવુક પોસ્ટ શેર કરી. ઈશાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર દુબઈથી બે ફોટો શેર કર્યા છે. ફોટોમાં તે બ્લેક-ગોલ્ડન આઉટફિટમાં આકાશ તરફ આંગળી ચીંધતી જોવા મળી રહી છે, જ્યારે બીજા ફોટોમાં તે તારા તરફ આંગળી ચીંધે છે, જેમાં તારા પર 'લવ યુ પાપા' લખેલું અને દિલ ઈમોજી દોરેલું છે. કેપ્શનમાં ઈશા દેઓલે લખ્યું છે, 'સ્ટે બ્લેસ્ડ, હેપ્પી, હેલ્થી એન્ડ સ્ટ્રોંગ... મજબૂત રહો, સ્વસ્થ રહો, ખુશ રહો.' આ પોસ્ટ તેમના ભાઈ બોબી દેઓલને પણ સ્પર્શી ગઈ, જેમણે હાર્ટ ઈમોજીથી પ્રતિક્રિયા આપી. કોમેન્ટ સેક્શનમાં ચાહકો પરિવારને શુભેચ્છાઓ આપી રહ્યા છે અને ધર્મેન્દ્રની યાદમાં ભાવુક થઈ રહ્યા છે. ધર્મેન્દ્રનું નિધન તેમના 90માં જન્મદિવસના થોડા અઠવાડિયા પહેલા, 24 નવેમ્બર 2025ના રોજ થયું હતું. તેઓ લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓથી ઝઝૂમી રહ્યા હતા, શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને બાદમાં ઘરે સારવાર ચાલી હતી.



## કીર્તિ કુલ્હારી પોતાનાથી નાના કૉ-સ્ટારના પ્રેમમાં પડી, નવા વર્ષે રાજીવ સિદ્ધાર્થ સાથેના રોમેન્ટિક ફોટો શેર કર્યાં

**મુંબઈ તા. 02**

બોલિવૂડ એક્ટ્રેસ કીર્તિ કુલ્હારીએ નવા વર્ષના ખાસ અવસર પર પોતાનું નવું રિલેશનશિપ ઓફિશિયલ કરી દીધો છે. 40 વર્ષની કીર્તિ આ દિવસોમાં 'ફોર મોર શૉટ્સ પ્લીઝ'ના કો-સ્ટાર રાજીવ સિદ્ધાર્થને ડેટ કરી રહી છે. બંનેએ સાથે મળીને નવા વર્ષની ઉજવણી કરી, જેની ઘણી તસવીરો સામે આવી છે. કીર્તિ કુલ્હારીએ ગુરુવારે સોશિયલ મીડિયામાં રાજીવ સિદ્ધાર્થ સાથે ઘણી રોમેન્ટિક તસવીરો શેર કરીને રિલેશનશિપ ઓફિશિયલ કરી છે. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે, 'એક તસવીર હજાર શબ્દો બરાબર હોય છે. નવું વર્ષ મુબારક, હેપ્પી 2026 આપ સૌને.' કીર્તિ કુલ્હારીએ વર્ષ 2016માં એક્ટર સાહિલ સેહગલ સાથે લગ્ન કર્યાં હતાં. આ લગ્ન 5 વર્ષ સુધી ચાલ્યા, ત્યારબાદ 1 એપ્રિલ 2021ના રોજ કીર્તિ અને સાહિલે છૂટાછેડાની જાહેરાત કરી હતી. કીર્તિએ વર્ષો પહેલા 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, લગ્ન પછી તેની ફિલ્મી કારકિર્દી અટકી ગઈ હતી. આ સમયે તેના પતિ સાહિલ અને સાસરિયાઓએ તેને ઘણો સપોર્ટ કર્યો, જેના કારણે તે કમબેક કરી શકી. કીર્તિ કુલ્હારીનો લોકપ્રિય શો 'ફોર મોર શૉટ્સ પ્લીઝ 4' તાજેતરમાં OTT પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થયો છે. આમાં કીર્તિ સાથે બાની જે, સયાની ગુપ્તા અને માનવી ગુગરુ લીડ રોલમાં છે. કીર્તિ કુલ્હારીએ વર્ષ 2010માં રિલીઝ થયેલી ફિલ્મ 'ખીચડી'થી એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી, ત્યારબાદ તે 'શૈતાન', 'પિંક', 'ઈન્દુ સરકાર', 'મિશન મજનુ' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી છે. રાજીવ સિદ્ધાર્થની વાત કરીએ તો, તે 2019થી 'ફોર મોર શૉટ્સ પ્લીઝ' સાથે જોડાયેલો છે. તે આ શોની ચારેય સીઝનનો ભાગ રહ્યો છે. આ ઉપરાંત, તે 'આશ્રમ', 'બેકાબૂ', 'હન્ડ્રેડ' જેવી સિરીઝનો પણ ભાગ રહ્યો છે.

# સોનું ₹1.34 લાખને પાર, એક દિવસમાં ₹954 વધ્યું: ચાંદી એક જ દિવસમાં 5,656 રૂપિયા મોંઘી થઈ, ₹2.34 લાખ/કિલો પહોંચી.....

**નવી દિલ્હી, તા.02**



સોના-ચાંદીના ભાવમાં સતત ત્રણ દિવસના ઘટાડા બાદ આજે (2 જાન્યુઆરી) તેજી જોવા મળી રહી છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 954 રૂપિયા વધીને 1,34,415 રૂપિયા પર પહોંચી ગયો છે. ગઈકાલે તે 1,33,461 રૂપિયા/10g પર હતો.

જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 5,656 રૂપિયા વધીને 2,34,906 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,29,250 રૂપિયા પ્રતિ કિલો હતી. આ પહેલા 29 ડિસેમ્બર 2025ના રોજ સોનાની કિંમત 1,38,161 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદીની કિંમત 2,43,483 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી. આ બંનેનો અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ એટલે કે ઓલ ટાઈમ હાઈ રેટ છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમય દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ. IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.


ઔદ્યોગિક માંગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે. ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે. મેન્યુફેક્ચરર સ્પર્ધામાં - પ્રોડક્શન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે. કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માંગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવા સંજોગોમાં, ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સંજોગોમાં, આ વર્ષના અંત સુધીમાં તે 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે. સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઇસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# નિફ્ટી રેકોર્ડ હાઇ પર, 26340ના સ્તરે પહોંચ્યો: સેન્સેક્સ 573 પોઈન્ટ વધીને 85,762 પર બંધ, PSU બેંકો અને રિયલ્ટી સેક્ટરમાં 1%થી વધુનો ઉછાળો

**મુંબઈ, તા.02**



2 જાન્યુઆરીના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 573 પોઈન્ટ વધીને 85,762ની સપાટીએ બંધ થયો.આ દરમિયાન, આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ 26,340ની સપાટીએ પહોંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો. ત્યારબાદ નિફ્ટી 182 પોઈન્ટ વધીને 26,328 પર બંધ થયો, જે એક નવી ક્લોઝિંગ હાઈ પણ છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી 25 શેર વધ્યા અને 5 શેરમાં ઘટાડો થયો. NTPC, ટ્રેન્ટ અને બજાજ ફાઈનાન્સના શેરોમાં 4.5% સુધીનો ઉછાળો જોવા મળ્યો. ઓટો, નાણાકીય સેવાઓ, મીડિયા, મેટલ, પીએસયુ બેંકો અને રિયલ્ટી ક્ષેત્રોમાં 1%થી વધુનો ઉછાળો જોવા મળ્યો.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.29% ઉપર 4,268 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.37% નીચે 50,339 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 2.25% ઉપર 26,205 પર જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.094% વધીને 3,968 પર કારોબાર કરી રહ્યો છે.

1 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.63% નીચે 48,063 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.76% અને S&P 500 માં 0.74%નો ઘટાડો રહ્યો.

31 ઓક્ટોબરે FIIs એ 3,268 કરોડના શેર વેચ્યા છે. જ્યારે DIIs એ 1,525 કરોડના શેર ખરીદ્યા છે.

ડિસેમ્બરમાં 31 તારીખ સુધી FIIs એ કુલ 34,349.62 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,619.91 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને ઘરેલું રોકાણકારોનો સપોર્ટ છે.

વર્ષના પહેલા દિવસે એટલે કે ગુરુવાર 1 જાન્યુઆરી 2026 ના રોજ શેરબજારમાં ફ્લેટ કારોબાર થયો. સેન્સેક્સ 32 પોઈન્ટ ઘટીને 85,189 પર બંધ થયો. નિફ્ટીમાં 17 પોઈન્ટનો વધારો રહ્યો, તે 26,147 પર બંધ થયો.

સેન્સેક્સના 30માંથી 21 શેરોમાં તેજી રહી. નિફ્ટીના 50માંથી 38 શેર વધ્યા. આજે ઓટો, IT અને મેટલ શેરોમાં વધારો રહ્યો. જ્યારે FMCG અને ફાર્મા શેરોમાં ઘટાડો રહ્યો.

# વોડાફોન-આઈડિયાને રૂ.638 કરોડનો દંડ! અમદાવાદ CGSTનો આદેશ, કંપની કોર્ટમાં જશે

**નવી દિલ્હી, તા.02**



વોડાફોન-આઈડિયા(Vi)ને અમદાવાદના સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(CGST) કમિશનર ઓફિસ દ્વારા આશરે રૂ.638 કરોડની પેનલ્ટી નોટિસ ફટકારવામાં આવી છે. આ અંગે કંપનીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જાણકારી આપી છે. જ્યારે Viનું કહેવું છે કે, તેઓ આ ટેક્સ ડિમાન્ડથી સહમત નથી અને આ મામલે કાયદાકીય કાર્યવાહી માટે કોર્ટમાં જઈશું.

અમદાવાદ CGST કમિશનર ઓફિસ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ, Vi કંપની પર ટેક્સમાં ઓછી ભરપાઈ અને ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ(ITC)નો આરોપી લગાવવામાં આવ્યો છે. વોડાફોન-આઈડિયા કંપનીએ ટેક્સ ઓછો ભરવાની સાથે ITCનો વધુ ઉપયોગ કર્યો છે.

આ આદેશ CGST એક્ટ 2017ની કલમ 74 હેઠળ લગાવવામાં આવ્યો છે. જેમાં અંદાજે રૂ.638 કરોડની પેનલ્ટીની સાથે-સાથે ટેક્સ અને તેના પર લાગેલા વ્યાજની પણ માગ કરવામાં આવી છે.

કંપનીએ જણાવ્યું હતું કે, 'અમે આદેશ સાથે સહમત નથી અને તેને પડકારીશું.' સ્ટોક એક્સચેન્જ (BSE) સાથેની ફાઈલિંગમાં કંપનીએ જણાવ્યું હતું કે, 'અમે આદેશ સાથે સહમત નથી અને તેની સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કરીશું.' સામાન્ય રીતે આવી પરિસ્થિતિઓમાં કંપનીઓ એપેલેટ ટ્રિબ્યુનલ અથવા હાઈકોર્ટનો સંપર્ક કરે છે.

અગાઉ, કેન્દ્ર સરકારે દેવા હેઠળ દબાયેલી ટેલિકોમ કંપની વોડાફોન-આઈડિયાને નોંધપાત્ર રાહત આપી હતી. 31 ડિસેમ્બરે સરકારે કંપનીના AGR (એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ) બાકી લેણાં 87,695 કરોડ રૂપિયા ફ્રીઝ કરી દીધા હતા.

આનો અર્થ એ થયો કે, કંપનીને હવે આ મોટી રકમ તાત્કાલિક ચૂકવવાની રહેશે નહીં. મળતી માહિતી મુજબ, આ ચુકવણી હવે નાણાકીય વર્ષ 2032 અને 2041 વચ્ચે 10 વર્ષની મુદત દરમિયાન કરવામાં આવશે. AGR એ ટેલિકોમ કંપનીઓના આવકનો ભાગ છે, જેના પર સરકાર લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ યુઝ ચાર્જીસ(SUC) લગાવે છે.

# તમાકુ-પાનમસાલા પર GST 40 ટકા, નેશનલ સિક્યોરિટી-હેલ્થ સેસ લાગશે

## સિગારેટ 11 ટકા મોંઘી થઈ જશે, પાનમસાલા બનાવતી કંપનીઓની ઉત્પાદન ક્ષમતાને આધારે તેમની પાસે વેરો વસૂલવામાં આવશે

**અમદાવાદ, તા.02**

પહેલી ફેબ્રુઆરીથી પાન મસાલા, ગુટકા અને તમાકુ તથા તમાકુની બનાવટો પરનો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વધીને ૪૦ ટકા કરી દેવામાં આવશે. કેન્દ્ર સરકાર તમાકુ, પાનમસાલા અને ગુટકા પર જીએસટીના વર્તમાન દર ઉપરાંત તેના પર વધારાની એક્સાઈઝ ડ્યૂટી અને હેલ્થ સેસ-આરોગ્ય ઉપકર લગાવવાનું નક્કી કરી દીધું છે. આ નવા વેરા પહેલી ફેબ્રુઆરીથી લાગી કરી દેવામાં આવશે. નવી વ્યવસ્થા અમલમાં આવતા આરોગ્ય માટે હાનિકારક ગણાતા સિન ગુડ્સ પર લાગુ કરેલી કોમ્પેન્સેશન સેસ નાબૂદ થઈ જશે. તેને સ્થાને તમાકુ અને તમાકુની બનાવટો તથા પાનમસાલા-ગુટકા પર નવા જીએસટીના દર લાગુ પડશે. તેમ જ તમાકુ અને તમાકુની બનાવટ પર વધારાની એક્સાઈઝ લાગુ પડશે. તદુપરાંત પાન મસાલા પર હેલ્થ અને નેશનલ સિક્યોરિટી સેસ પણ લાગુ પડશે.

સરકારે બહાર પાડેલા નોટિફિકેશન મુજબ પાન મસાલા, સિગારેટ અને તમાકુ અને તેના જેવા અન્ય ઉત્પાદનો પર ૪૦ ટકાના દરે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલવામાં આવશે. જોકે બીડી પર ૧૮ ટકાના દરે જીએસટી વસૂલવામાં આવશે. નવા વેરા લાગુ પડતા સિગારેટની કિંમતમાં ૧૧ ટકાનો વધારો આવી જવાની સંભાવના છે. બીડી પરના જીએસટીના આ દર ચાલુ રહેશે, પરંતુ તેના પર નવા વેરાઓ લાગુ કરવામાં આવશે.

સરકારે ચાવવાની તમાકુ, સુગંધીદાર જરદા, ગુટકાના પેકિંગ પર મશીનની દૈનિક ઉત્પાદન ક્ષમતા એટલે કે એક દિવસની ઉત્પાદન ક્ષમતા પ્રમાણે આરોગ્ય ઉપકર- હેલ્થ સેસની વસૂલી કરવાની નવતર પદ્ધતિ અમલમાં લાવવાનો નિર્ણય કર્યો છે. તેના થકી થનારી આવક પણ દેશના અન્ય રાજ્યોને વહેંચવામાં આવશે. તેને માટે આરોગ્ય જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે અને આરોગ્યને લગતી અન્ય યોજનાઓ હેઠળના કામ કરવામાં આવશે.



ચાવવાનીતમાકુ, ફિલ્ટર કરેલી ખૈની તથા જરદાની છૂટક વેચાણ કિંમતને આધારે તેમની પાસેથી એક્સાઈઝ ડ્યૂટી વસૂલવામાં આવશે. આ વ્યવસ્થા મુજબ ગુટકા પર ૯૧ ટકા, જરદા પર ૮૨ ટકા અને ચાવવાના તમાકુ પર ૮૨ ટકા એક્સાઈઝ ડ્યૂટી લગાવવામાં આવી છે. કંપનીની દૈનિક કે એક શિફ્ટની ઉત્પાદન ક્ષમતા પ્રમાણે વેરો વસૂલવાનું માળખું તૈયાર કરી દેવામાં આવ્યું છે.

આ વ્યવસ્થા અને નિયમો પહેલી ફેબ્રુઆરી ૨૦૨૬થી અમલમાં આવી જશે. આ ભંડોળનો ઉપયોગ પ્રજાના આરોગ્યની જાળવણી માટે કરવામાં આવશે.

એક હજાર સિગારેટના પેકેટ પર રૂા. ૨૦૫૦થી માંડીને રૂા. ૮૫૦૦ સુધીની એક્સાઈઝ વસૂલવામાં આવશે. એક્સાઈઝની થનારી આવકનો ઉપયોગ રાજ્યોને તેમના હિસ્સા પ્રમાણે વિતરીત કરી દેવામાં આવશે.ફાઈનાન્સ કમિશને કરેલી ભલામણ મુજબ એક્સાઈઝની આવક દરેક રાજ્યને સમ્યક પ્રમાણમં આપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એક્સાઈઝની આવકમાંથી કેન્દ્ર સરકારને પણ તેમનો હિસ્સો મળશે. જીએસટીના અમલ પછી રાજ્યોની ઘટતી આવકને સરભર કરી આપવા માટે લેવામાંઆવેલી રૂ. ૨૬૯ કરોડની લોનની ચૂકવણી ૩૧મી માર્ચ ૨૦૨૬ના પૂરી થઈ જશે. જીએસટી કાઉન્સિલે પણ સપ્ટેમ્બર ૨૦૨૫માં સેસ અને એક્સાઈઝ લાગુ કરવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું. હુક્કા અને સિગાર પર પણ ૪૦ ટકા જીએસટી લાગુ પડશે.

આ માટેનું બિલ ડિસેમ્બરમાં સંસદમાં મંજૂર કરી દેવામાં આવ્યું છે. તેથી કોમ્પેન્સેશન સેસના વિકલ્પ અન્ય સેસ લાગુ કરવાના દરવાજા ખૂલી ગયા છે. પહેલી ફેબ્રુઆરીથી નવી લેવી-નવા વેરાઓ લાગુ પડી જશે તેવી જાહેરાત કરતું નોટિફિકેશન પણ સરકારે બહાર પાડી દીધું છે. પહેલી ફેબ્રુઆરીથી જ જીએસટી કોમ્પેન્સેશન સેસ લેવાનું બંધ કરી દેવામાં આવશે. તેમ જ જુદા જુદાં વેરા પણ પહેલી ફેબ્રુઆરીથી અમલમાં જ આવી જશે.

# સરકારને બખંબખાં : ડિસેમ્બરમાં રૂ.1.75 લાખ કરોડ GST

## નવે.માં જીએસટી કલેક્શન રૂ. 1.70 લાખ કરોડ હતું : દિલ્હી, બિહાર, મ.પ્ર, તમિલનાડુ સહિત 17 રાજ્યોનું નેગેટિવ જીએસટી કલેક્શન ચિંતાજનક

**નવી દિલ્હી, તા.02**

૨૦૨૬ના પહેલા જ મહિનામાં સરકારની તિજોરી છલકાઈ ગઈ છે. ડિસેમ્બરમાં દેશનું કુલ જીએસટી કલેકશન ૬.૧ ટકા વધીને રૂ. ૧.૭૪ લાખ કરોડ થયું છે. આમ તેમા ગયા મહિનાની તુલનાએ ૬.૧ ટકાનો વધારો થયો છે. આ વધારો ટેક્સ કટના લીધે સ્થાનિક વ્યવહારોમાંથી થતી આવકમાં ઘટાડો થયો હોવા છતાં થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળા ડિસેમ્બર ૨૦૨૪માં કુલ જીએસટી કલેકશન રૂ. ૧.૬૪ લાખ કરોડ થયું હતું. બીજી બાજુ કોમર્શિયલ એલપીજીના સિલિન્ડરનાં ભાવમાં ૧૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારી માલિકીની ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ વૈશ્વિક સ્તરે ઈંધણનાં ભાવને ધ્યાનમાં રાખી માસિક મૂલ્ય સંશોધનને અમલમાં મૂક્યો છે. જ્યારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) એટલે કે વિમાન ઈંધણના ભાવમાં આજે ૭.૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે .



જીએસટીમાં નોંધપાત્ર ઘટાડો અમલી આવ્યાના પ્રથમ મહિના નવેમ્બર ૨૦૨૫માં જીએસટી કલેકશન રૂ. ૧.૭૦ લાખ કરોડ રહ્યુ હતુ. ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સ્થાનિક વ્યવહારોથી કુલ આવક ૧.૨ ટકા વધીને રૂ. ૧.૨૨ લાખ કરોડથી વધારે થઈ હતી. જ્યારે આયાતી માલસામગ્રીનું મૂલ્ય ૧૯.૭ ટકા વધી રૂ. ૫૧,૯૭૭ કરોડ થયું હતું. આના કારણે કુલ જીએસટી આવક રૂ. ૧.૭૪ લાખ કરોડ થઈ હતી.

રિફંડ ૩૧ ટકા વધીને ડિસેમ્બરમાં રૂ. ૨૮,૯૮૦ કરોડ થયા હતા. જ્યારે ચોખ્ખું જીએસટી કલેકશન વાર્ષિક ધોરણે બે ટકા વધી રૂ. ૧.૪૫ લાખ કરોડ થયું હતું. કેન્દ્રે ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ૩૭૫ ચીજવસ્તુઓ પર જીએસટીમાં ઘટાડો કર્યો હતો. તેના કારણે માલસામગ્રી વધુ સસ્તી થઈ હતી. સરકારે જીએસટી રેટને પણ રેશનલાઈઝ્ડ કરતાં ફક્ત બે જ દર પાંચ અને ૧૮ ટકાનો સ્લેબ જ રાખ્યો છે. આ પહેલા ૫,૧૨,૧૮ અને ૨૮ એમ ચાર સ્લેબ રાખ્યા હતા. જ્યારે ૪૦ ટકાનો અલગ સ્લેબ ફક્ત અલ્ટ્રા લક્ઝરી ચીજવસ્તુઓ અને સીન ગૂડ માટે છે.

ડેલોઇટ ઈન્ડિયાના પાર્ટનર એમએસ મનીએ જણાવ્યું હતું કે સરકારે કરેલા દર ઘટાડાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિના દરમિયાન નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી શકે છે. તેમણે તે વાત ચિંતાજનક ગણાવી હતી કે દિલ્હી, હિાર, મધ્યપ્રદેશ, તેલંગણા, તમિલનાડુ સહિત ૧૭ રાજ્યોએ જીએસટી કલેકશનમાં નકારાત્મક વૃદ્ધિ નોંધાવી હતી. મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને હરિયાણાએ એક અંકી દરમાં વૃદ્ધિ નોંધાવી હતી. બહુ ઓછા રાજ્યોએ હકારાત્મક વૃદ્ધિદર નોંધાવ્યો હતો. ગ્રાન્ટ થોર્નટનના ભારત પાર્ટનર એન્ડ ટેક્સ કોન્ટ્રોવર્સી મેનેજમેન્ટ લીડરના મનોજ મિશ્રાએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને હરિયાણાના મજબૂત પ્રદાનના કારણે આવકમાં વૃદ્ધિ જળવાયેલી રહી હતી.

દરમિયાનમાં સરકારી માલિકીના ઈંધણ રિટેલરોના જણાવ્યા અનુસાર દિલ્હીમા એક કિલોલીટર એટીએફનો ભાવ ૭૩૫૩ રૂપિયા (૭.૩ ટકા) ઘટીને ૯૨,૩૨૩ રૂપિયા થયો છે. આ અગાઉ સળંગ ત્રણ મહિને એટીએફના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.

આ અગાઉ એક ડિસેમ્બરે એક કિલોલીટર એટીએફના ભાવમાં ૫૧૩૩ રૂપિયા (૫.૪ ટકા)નો વધારો કરવામાં આવ્યો હતો. તેની પહેલા એક નવેમ્બરે ૧ ટકા તથા ૧ ઓક્ટોબરે ૩.૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

એટીએફના ભાવ ઘટવાને કારણે એરલાઈન્સના આર્થિક બોજમાં ઘટાડો થશે કારણકે એરલાઈનના કુલ ખર્ચ પૈકી ૪૦ ટકા ખર્ચ ઈંધણ પાછળ થાય છે.

બીજી તરફ હોટેલ અને રેસ્ટોરન્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ૧૯ કીલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૧૧૧ રૂપિયા વધીને ૧૬૯૧.૫૦ રૂપિયા થઈ ગયો છે.

સળંગ બે મહિને ઘટાડો કરવામાં આવ્યા પછી ચાલુ મહિને કોમર્શિયલ એલપીજીના સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે જૂન પછી કોમર્શિયલ એલપીજીનો ભાવ મહત્તમ સ્તરે પહોંચી ગયો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ દર મહિનાની પહેલી તારીખે આંતરરાષ્ટ્રીય ભાવને ધ્યાનમાં રાખી એટીએફ અને એલપીજીના ભાવમાં ફેરફાર કરે છે.

પેટ્રોલ અને ડીઝલ તથા ડોમેસ્ટિક એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે.

# ₹28 લાખ કરોડના મૂલ્યના કુલ 21.6 અબજ વ્યવહારોનો નવો કીર્તિમાન...

**અમદાવાદ, તા.02**

ભારતનું અર્થતંત્ર પૂરપાટ ઝડપે આગળ વધી રહ્યું છે અને બહાર આવી રહેલા દરેક આંકડા વિકાસની હરણફાળ ગતિનું પ્રતિબિંબ બની રહ્યાં છે. દેશના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ યુપીઆઈ સિસ્ટમમાં ડિસેમ્બરમાં ફરી નવેમ્બરની સુસ્તી બાદ શાનદાર રિકવરી જોવા મળી છે. નવેમ્બરમાં સામાન્ય ઘટાડા પછી ડિસેમ્બરમાં યુપીઆઈ વ્યવહારો અને તેનું કુલ મૂલ્ય વધ્યું છે અને નવા રેકોર્ડ સ્થાપિત થયા છે. વર્ષના અંતિમ મહિનામાં ખર્ચમાં વધારો થવાથી ડિજિટલ પેમેન્ટો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ના ડેટા અનુસાર ડિસેમ્બરમાં યુપીઆઈ દ્વારા ૨૧.૬ અબજથી વધુ ટ્રાન્ઝેકશનો થયા છે. માત્ર કુલ વ્યવહારો જ નહિ પરંતુ આ ટ્રાન્ઝેકશનોનું કુલ મૂલ્ય પણ લગભગ રૂ. ૨૮ લાખ કરોડના રેકોર્ડ લેવલે પહોંચ્યું છે. નવેમ્બરમાં કુલ ૨૦.૪૭ અબજ વ્યવહારોમાં રૂ. ૨૬.૩૨ લાખ કરોડના વ્યવહારો થયા હતા.

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**જાહેર સૂચના**

**ઈલેક્ટ્રિફાઈડ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવા બાબતે**

જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગેરતપુર-અમદાવાદ-સાબરમતી-ગાંધીનગર, સાબરમતી-મહેસાણા-પાલનપુર, ગાંધીનગર-કલોલ, જગુદણ-મહેસાણા-વરેઠા, મહેસાણા - વિરમગામ, પાલનપુર-સામાખ્યાલી, મહેસાણા-પાટણ-ભીલડી, ઝુંડ-ખારાઘોડા પરના રેલવે ટ્રેક. અમદાવાદ મંડળના ચાંદલોડિયા-વિરમગામ-સામાખ્યાલી,સામાખ્યાલી-ગાંધીધામ-કંડલા, આદિપુર-ભુજ, આદિપુર-મુન્દ્રા પોર્ટ, અમદાવાદ-હિંમતનગર, ભુજ-નલિયા અને કલોલ-કડી-કટોસણ રોડના વિસ્તારો 25000 એસી હેડ વોલ્ટેજ ઈલેક્ટ્રીક વોલ્ટેજથી વીજળીયુક્ત છે. ઓવરહેડ ટ્રેક્શન વાયરમાં ફસાઈ ગયેલા પતંગો અને તારને દૂર કરવામાં આવે છે, કારણ કે તે જીવન માટે જોખમી જોખમ ઊભું કરી શકે છે. 25000 વોલ્ટના ઓવરહેડ ટ્રેક્શન વાયરમાં ફસાયેલા પતંગો અને દોરીઓને દૂર કરતી વખતે જીવનું જોખમ રહેલું છે, જેના કારણે ઓવરહેડ ટ્રેક્શન વાયર તૂટી શકે છે, જેના કારણે રેલ્વે ટ્રાફિકમાં ગંભીર વિક્ષેપ પડી શકે છે અને જાનહાનિ થઈ શકે છે.

વધુમાં, એવું જોવા મળ્યું છે કે કેટલીક દોરીઓ ધાતુના પાવડરથી કોટેડ હોય છે, જે ઓવરહેડ ટ્રેક્શન વાયર (OHE) નજીક પતંગ ઉડાડતી વખતે જીવનું જોખમ ઊભું કરી શકે છે.

**તેથી, જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રેલ્વે ટ્રેક નજીક પતંગ ઉડાડવાનું/હાઈ-વોલ્ટેજ રેલવે ટ્રેક્શન વાયરમાંથી પતંગો દૂર કરવાનું ટાળે, અને ધાતુના પાવડર કોટિંગવાળી દોરીઓનો ઉપયોગ કરવાનું ટાળે, કારણ કે આ જીવલેણ હોઈ શકે છે, અને અન્ય લોકોને પણ આ અંગે સલાહ આપો.**

ADI 239

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# સુભાષબ્રિજ બાદ દધિચી બ્રિજે શહેરીજનોને ચિંતામાં મુક્યા, ઓવરબ્રિજ પર સળિયા દેખાવા લાગ્યા......

## વર્તમાન સમયમાં, સુભાષબ્રિજ બંધ હોવાને કારણે દિલ્હી દરવાજા અને શાહીબાગ વિસ્તારમાં અવરજવર કરતા વાહનચાલકો માટે આ બ્રિજ મુખ્ય વિકલ્પ બન્યો છે





**અમદાવાદ, તા.02**


અમદાવાદમાં થોડા સમય પહેલા જ સુભાષબ્રિજમાં તિરાડ અને સ્પાન બેસી જવાની ઘટના બની હતી. જેના પગલે એ બ્રિજને બંધ કરવામાં આવ્યો છે. ત્યારે શહેરનો વધુ એક બ્રિજ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. શહેરના વાડજ વિસ્તારમાં આવેલા દધીચિ ઓવરબ્રિજ પર સળિયા દેખાવા લાગ્યા છે. બ્રિજનો મધ્યનો ભાગ ઉખડી ગયો છે.

વર્ષ 2011માં વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયેલો આ દધીચિ ઓવરબ્રિજ શહેરના ટ્રાફિક માટે એક મહત્વપૂર્ણ કડી સમાન છે. વર્તમાન સમયમાં, સુભાષબ્રિજ બંધ હોવાને કારણે દિલ્હી દરવાજા અને શાહીબાગ વિસ્તારમાં અવરજવર કરતા વાહનચાલકો માટે આ બ્રિજ મુખ્ય વિકલ્પ બન્યો છે, ત્યારે આશરે 14 વર્ષ જૂના આ દધીચિ ઓવરબ્રિજના મધ્ય ભાગેથી રોડ ઉખડી ગયો છે અને કોંક્રિટના સ્તર નીચેથી લોખંડના સળિયા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. એટલું જ નહીં, બ્રિજ પર અન્ય સ્થળોએ પણ ખાડા પડ્યા છે અને ત્યાં પણ સળિયા ખુલ્લા થઈ ગયા છે.

અમદાવાદનો સુભાષ બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ કરાયા બાદ તેનો મોટાભાગનો ટ્રાફિક દધીચિ ઓવરબ્રિજ પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જેના પગલે મોટી સંખ્યામાં વાહનચાલકો હવે દધીચિ બ્રિજનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે આ બ્રિજ પર વાહનોનો ભાર અસામાન્ય રીતે વધી ગયો છે. આ વધેલા ભારને કારણે બ્રિજ પરથી ભારે વાહનો પસાર થતાની સાથે જ નોંધપાત્ર વાઈબ્રેશન અનુભવાઈ રહ્યું છે. જે કોઈ વ્યક્તિ બ્રિજ પર ઊભું હોય, તે આ વાઈબ્રેશનને સ્પષ્ટપણે અનુભવી શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાંચ મહિના પહેલા જ આ બ્રિજનું નિરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. તેમ છતાં, બ્રિજની આ ગંભીર ખામીઓ, જેમ કે સળિયા દેખાવા કે રોડ ઉખડી જવો, ત્યારે ધ્યાનમાં લેવામાં આવી ન હતી. સુભાષ બ્રિજની ઘટના બાદ તમામ બ્રિજની તપાસના આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, સૌથી વધુ ટ્રાફિક ડાયવર્ટ કરાયેલા આ દધીચિ બ્રિજને બ્રિજ પ્રોજેક્ટ વિભાગ અને કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા યોગ્ય રીતે તપાસવામાં આવ્યો નથી. આનાથી નિરીક્ષણ કરનાર કન્સલ્ટન્ટ એજન્સીની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે.

# ભોજન જેવી નજીવી બાબતે પિતરાઇ ભાઈએ કરી ભાઈની હત્યા, છરીના ઘા ઝીંક્યા




**અમદાવાદ, તા.02**


અમદાવાદના બોપલ વિસ્તારમાં ગુરૂવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લોહીના સંબંધો લજવાય તેવી આ ઘટનામાં એક માસીયાઈ ભાઈએ જ પોતાના ભાઈ પર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. માત્ર જમવા જેવી સામાન્ય બાબતમાં થયેલી તકરારે જોતજોતામાં લોહીયાળ જંગનું સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મૃતક રામુ કુશ્વાહા અને આરોપી વિષ્ણુ કુશ્વાહા બંને મૂળ મધ્યપ્રદેશના મોરેના વતની છે અને અમદાવાદમાં રહીને કલર કામની મજૂરી કરતા હતા. ગઈકાલે સાંજે (ગુરૂવારે) બંને ભાઈઓ જ્યારે ઘરે હતા, ત્યારે જમવાની કોઈ બાબતે તેમની વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે વિષ્ણુ કુશ્વાહા આવેશમાં આવી ગયો હતો અને રસોડામાંથી છરી લાવી રામુ પર ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

તીક્ષ્ણ હથિયારના હુમલાને કારણે રામુ કુશ્વાહાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. વધુ પડતો રક્તસ્ત્રાવ થવાને કારણે રામુએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. એક નજીવી તકરારે એક યુવાનનો જીવ લીધો અને બીજાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઘટનાની જાણ થતા જ બોપલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી વિષ્ણુ કુશ્વાહાની અટકાયત કરી લીધી છે. પોલીસે રામુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. આરોપી વિષ્ણુ વિરુદ્ધ હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પરપ્રાંતિય મજૂર પરિવારોમાં બનેલી આ ઘટનાને પગલે શ્રમિકોમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.

# કારચાલકે બે બાઈક પર ગાડી ચડાવતા એકનું મોત: બાઈક રોડ પર ઢસડાયું, અમદાવાદના ગુજરાત કોલેજ ત્રણ રસ્તા પાસે હિટ એન્ડ રન કરીને ચાલક ફરાર



**અમદાવાદ, તા.02**

અમદાવાદ શહેરમાં બેફામ કાર ચાલકના વધુ એક નિર્દોષ નાગરિકે પોતાનો જીવ ગુમાવ્યો છે. ગઈકાલે મોડી રાત્રે ગુજરાત કોલેજ ત્રણ રસ્તા પાસે હિટ એન્ડ રનમાં બેફામ કારચાલકે 2 બાઈકચાલકને અડફેટે લીધા હતાં. રસ્તા પર પૂરપાટ ઝડપે વાહન હંકાવી અજાણ્યા કાર ચાલકે બાઈકને જોરદાર ટક્કર કરી હતી. અક્સ્માત એટલો ગંભીર હતો કે એક બાઈક ચાલક ચંદ્રકાંત પંચાલ રોડ પર ગંભીર રીતે ઘસડાયો હતો. જેથી અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાથી ચંદ્રકાંત પંચાલનું મોત નીપજ્યું છે. પોલીસે ગુનો નોંધીને અજાણ્યા કારચાલકની શોધખોળ શરૂ કરી છે.

અમદાવાદ શહેરમાં રાત્રે બેફામ વાહન હંકાવી કાર ચાલકો નિર્દોષ લોકોના જીવ લઈ રહ્યા છે. ત્યારે ગઈકાલે(1 જાન્યુઆરી) મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી. 45 વર્ષીય ચંદ્રકાંત પંચાલ બાઈક લઈને નીકળ્યા હતા. ચંદ્રકાંત પંચાલ અર્ચનાબેન ઓઝાને પોતાની બાઈક પર બેસાડીને પાલડીથી ચાણક્યપુરી તરફ જઈ રહ્યાં હતાં. ત્યારે બાઈક લઈને ગુજરાત કોલેજ ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક બેફામ વાહન ચાલકે પૂરપાટ ઝડપે આવી બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

અજાણ્યા કાર ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક રોડ પર ઢસડાયુ હતું. જે દરમિયાન ચંદ્રકાંતભાઈ રોડ પર ઢસડાતા જમણા હાથે તેમ જ છાતીના ભાગે પાંસળીમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે એસવી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ચંદ્રકાંતભાઈ મોત નીપજ્યું છે.

જોકે અકસ્માત સર્જાયા બાદ કારચાલક ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત સર્જાયા બાદ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે CCTVના આધારે અકસ્માત સર્જી ફરાર થનાર કાર ચાલકની શોધખોળ શરૂ કર કરી છે. આરોપીની ઓળખ કરી તેને ધરપકડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# 1500 કરોડના જમીન સ્કેમ મામલે સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટરની ધરપકડ: EDએ ગાંધીનગર સ્થિત નિવાસસ્થાનથી અરેસ્ટ કર્યા...

**ગાંધીનગર, તા.02**

1500 કરોડના જમીન NA (બિનખેતી)કરાવવાના કૌભાંડ મામલે EDએ 23 ડિસેમ્બર, 2025ના રોજ સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. ત્યાર બાદ બપોરે આ કેસમાં એસીબી સુરેન્દ્રનગરમાં ઈડીના અધિકારીએ સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયૂર ગોહિલ અને કલેક્ટરના અંગત મદદનીશ જયરાજસિંહ ઝાલા સામે લાંચ-રુશ્વત વિરોધી ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો. ત્યાર બાદ તેની ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

આ મામલે સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર એવા રાજેન્દ્ર પટેલની ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી છે. ઈડીની ત્રણ ટીમ ગાંધીનગર સ્થિત તેમના નિવાસ્થાને પહોંચી હતી, જ્યાં પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે.

23 ડિસેમ્બરે દિલ્હી ખાતે આવેલી EDની સ્પેશિયલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીના રહેણાક પરિસરમાં PMLAની કલમ 17 હેઠળ હાથ ધરવામાં આવેલી સર્ચ કાર્યવાહી દરમિયાન 67.50 લાખની રોકડ રકમ રિકવર કરી જપ્ત કરવામાં આવી હતી. આ રોકડ રકમ તેમના બેડરૂમમાં છુપાવેલી મળી આવી હતી. આરોપી ચંદ્રસિંહ મોરીએ 23 ડિસેમ્બર, 2025ના રોજ PMLAની કલમ 17 હેઠળ નોંધાયેલા તેમના નિવેદનમાં સ્વીકાર્યું છે કે જપ્ત કરાયેલી રોકડ રકમ જમીનના હેતુફેરની અરજીઓના ઝડપી અથવા સાનુકૂળ નિકાલ માટે સીધી રીતે અથવા વચેટિયાઓ દ્વારા અરજદારો પાસેથી માગેલી અને એકઠી કરેલી લાંચની રકમ છે.



EDના ડાયરેક્ટર સિદ્ધાર્થ જૈને ACBમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વિશ્વસીનય સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે સુરેન્દ્રનગરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટે પાયે જમીનકૌભાંડ આચરવામાં આવી રહ્યું છે, જેમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિતના લોકો સામેલ છે.

ચંદ્રસિંહ મોરીએ ઈડી સમક્ષ સ્વીકાર્યું કે જમીનની ફાઈલ ક્લિયર કરવા માટે સ્કવેરમીટરદીઠ 10 રૂપિયાના ભાવથી લાંચ લેવામાં આવતી હતી. ચંદ્રસિંહ મોરીના પ્રિમાસિસમાંથી મળેલા દસ્તાવેજોમાં 1 કરોડની લાંચ લીધી હોવાના દસ્તાવેજી પુરાવા મળ્યા છે. જ્યારે સૌથી આંચકાજનક વાત તો એ છે કે ચંદ્રસિંહ મોરીએ સ્વીકાર્યું છે કે જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્રભાઈ પટેલ, કલેક્ટરના ક્લાર્ક મયૂર ગોહિલ, કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા આ કૌભાંડમાં સામેલ છે અને લાંચના પણ ભાગીદાર છે.

EDને સર્ચ દરમિયાન એક પ્રિન્ટેડ શીટ મળી છે, જેમાં ઓનલાઈન અરજીનો નંબર, જમીનની વિગત, સર્વે નંબર, કયા પ્રકારની અરજી છે એ સહિતની વિગતો હતી. આ ઉપરાંત કયા અરજદાર પાસે કેટલી લાંચ લેવામાં આવી એની પણ વિગતો હતી. આ શીટમાં વચેટિયાઓ, કમિશન એજન્ટનાં પણ નામ હતાં. માત્ર એટલું જ નહીં, શીટના ડેટા મુજબ 2 લાખ 61 હજાર 332 સ્કવેરમીટર જમીનની ફાઈલ ક્લિયર કરવા માટે 26 લાખ 17 હજાર 320ની લાંચ લેવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ શીટના નીચેના ભાગ પર પેનથી કોના કેટલા રૂપિયા કાઢવાના છે એની પણ નોંધ કરવામાં આવી છે, જેમાં એમડીના 64 લાખ, સીબીના 60 હજાર, અશોકના 2 લાખ 83 હજાર, એચપીના 6 લાખ, રાકેશભાઈ 5000, આશિષભાઈના 70 હજાર એવી નોંધ કરવામાં આવેલી છે.

સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસમાં ચાલતા આ સિસ્ટેમેટિક NA કૌભાંડની મોડસઓપરેન્ડી પણ ભલભલાને ચોંકાવી દે એવી છે. જમીન NA કરાવવા મામલે EDની તપાસમાં ઘટસ્ફોટ થયો છે કે વચેટિયાઓ અને એજન્ટો મારફત જમીન NA કરાવવામાં આવતી હતી. આયોજનબદ્ધ રીતે ખંડણી અને ગેરકાયદે રીતે લાભ કરાવીને NA કૌભાંડ ચલાવવામાં આવ્યું હતું. આ કૌભાંડ CLU(ચેન્જ ઓફ લેન્ડ યુઝ) એટલે કે હેતુફેર અંતર્ગત થયેલી અરજીઓને લઈ આચરવામાં આવતું હતું. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસે જમીન NA બાબતે પાવર હતા અને એનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

# વડોદરા-આણંદ જિલ્લાને જોડતા ગંભીરાબ્રિજના સમારકામમાં તંત્રની ગંભીર બેદરકારી.....

**વડોદરા, તા.02**

21 લોકોનો ભોગ લેનાર વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા ગંભીરાબ્રિજને સમારકામ કરીને ફરીથી શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે. હાલ યુદ્ધના ધોરણે આ બ્રિજને શરૂ કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન ગંભીર બેદરકારી પણ જોવા મળી રહી છે, જેમાં મજૂરો દ્વારા બ્રિજની કામગીરીનો કાટમાળ નદીના પાણીમાં જ ફેંકવામાં આવી રહ્યો છે. મહી નદી પર આવેલો ગંભીરાબ્રિજ ગત જુલાઇ મહિનામાં તૂટી પડતાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. બીજી તરફ આસપાસના ગામો અને કંપનીમાં કામ કરતા કર્મીઓને અવર-જવર માટે લાંબો ફેરો કરવો પડી રહ્યો છે. આખરે બીજો બ્રિજ ન બને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા રૂપે સ્ટીલ બ્રિજ બનાવવાનું આયોજન છે. આગામી દિવસોમાં સ્ટીલ બ્રિજ ખુલ્લો મૂકાશે. રૂ.9.12 કરોડના અંદાજિત ખર્ચથી નવો સ્ટીલ બ્રિજ તૈયાર કરવામાં આવનાર સ્ટીલ બ્રિજની લંબાઈ અંદાજે 45 મીટર જેટલી હશે, જ્યારે તેનું વજન 150 ટન હશે, જેથી લોકોને રાહત થશે. ઉલ્લેખનીય છે કે, 9 જુલાઈના બ્રિજ દુર્ઘટના બની તે દિવસે સવારથી લઈ રાત્રિ સુધીમાં નદીમાંથી 13 મૃતદેહ મળ્યા હતા. ત્યાર બાદ 10 જુલાઈના પૂનમ હોવાથી મહીમાં ભરતીના પાણી આવતાં રેસ્ક્યૂ કામગીરીને અસર પડી હતી.

# વડોદરાની પારૂલ યુનિવર્સિટીના પ્રોફેસરના મકાનમાંથી ચોરી કરનાર કામવાળી સહિત બે ઝડપાયા, આરોપીઓ પાસેથી 11.85 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

**વડોદરા, તા.02**

વડોદરા શહેરના તરસાલી સોમા તળાવ રિંગ રોડ પર રહેતા આવેલી આવેલી પારુલ યુનિવર્સિટીના મહિલા પ્રોફેસરે ઘરમાં સાફસફાઈ માટે ઘાંઘરેટિયાની સોસાયટીમાં રહેતા વાઘોડિયા ખાતે યુવતીને રાખી હતી. છેલ્લા ચાર વર્ષથી કામ કરતી યુવતીએ પ્રોફેસર તથા તેમના પતિ નોકરી પર જાય ત્યારે ઉપરના માળે તિજોરીમાં મુકેલા સોના દાગીના અને રોક્ડા રૂપિયા લઈને પલાયન થઈ ગઈ હતી. LCB ઝોન - 3ની ટીમે ચોરી કરનાર મહિલા તેમજ ડભોઈના સોનીને ઝડપી પાડ્યો છે. પોલીસે તેમની પાસેથી ન ચાંદીના



દાગીના અને રોકડ રકમ મળી 11.85 લાખ રૂપિયાનો મુદ્દા માલ કબજે કર્યો છે. વડોદરા શહેરના તરસાલી સોમા તળાવ રીંગ રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા નિમિતા ચેતનભાઈ ગુજર વાઘોડીયા ખાતે આવેલ પારૂલ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે તેમના પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. તેમની સાથે ઉમર લાયક સાસુ અને સસરા રહેતા પ્રોફેસરે છાયા મનોજ બારીયા (રહે. ઘાઘરેટીયા ગામ)ને ઘરનું કામ કરવા માટે નોકરી રાખી હતી.

કામવાળી બાઈ છેલ્લા ચાર વર્ષથી તેમના ઘરે કામ કરતી હતી. બેડ રૂમમાં મૂકેલી લોખંડની તિજોરીમાં સોના ચાંદીના દાગીના જોવા માટે મહિલા પ્રોફેસર ગયા હતા. ત્યારે તિજોરી અને ડ્રોઅર ખુલ્લા જોવા મળ્યાં હતા. જેથી પ્રોફેસરે તિજોરીની અંદર ચેક કરતા સોના ચાંદીના દાગીના મળી આવ્યા નહોતા. જેથી પ્રોફસર સહિતના દંપતીએ ઘરના ખુણેખુણા પર દાગીનાની તપાસ કરી હતી અને મારા સાસુ સસરાને પુછ્યુ હતું. પરંતુ દાગીનો પતો લાગ્યો ન હતો. આ દરમિયાન પ્રોફેસરને તેમના પતિએ પ્રથમ મેરેજ એનિવર્સરીએ ગીફટમાં આપેલી સોનાની વીટી ઘરે કામ કરવા માટે આવેલી છાયા બારીયાએ પહેરેલી હતી, જે વિટી બાબતે પ્રોફેસરે તેને પૂછ્યું હતું. ત્યારે કામવાળી બાઈ કોઈ જવાબ આપ્યાં વગર જતી રહી હતી. પ્રોફેસરે મકરપુરા પોલીસ સ્ટેશનમાં આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મકરપુરા પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ કામવાળી બાઈ છાયા બારીયાએ સોનાના દાગીના ડભોઈના સોનીને વેચી દીધા છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

